॥ શ્રી શંખેશ્વરાય નમઃ ॥

# ॥ અનુક્રમણિકા ॥


| | | |
|---|---|---|
| (૧) | શુભેચ્છા સંદેશો.................................. | પેજ નં. ૧-૪ |
| (૨) | પ્રમુખ સ્થાનેથી.................................. | પેજ નં. ૫-૬ |
| (૩) | મંત્રીશ્રીની કલમે.................................. | પેજ નં. ૭-૧૪ |
| (૪) | પ્રસ્તાવના........................................ | પેજ નં. ૧૫ |
| (૫) | શ્રી ડોસાભાઈ લાલચંદ શાહ ની જીવન ઝરમર .. | પેજ નં. ૧૬-૩૩ |
| (૬) | શ્રી કરમચંદ લાલચંદ શાહ ની જીવન ઝરમર..... | પેજ નં. ૩૪ |
| (૭) | મહિલા મંડળનો અહેવાલ......................... | પેજ નં. ૩૫ |
| (૮) | યુવક મંડળનો અહેવાલ........................... | પેજ નં. ૩૬ |
| (૯) | સવાસો વર્ષની કમિટિનું લીસ્ટ.................... | પેજ નં. ૩૭-૪૨ |
| (૧૦) | સમાજના સભ્યો માટે સમાજની ઉપલબ્ધ સેવાઓ................................ | પેજ નં. ૪૩ |



# શુભેચ્છા સંદેશો

**શ્રી વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ (ભુજ) નાં**

વ્હાલાં જ્ઞાતિજનો,

સીત્તેર વર્ષ પહેલા, અમારા વડીલોએ મહાજનવાડીનાં રૂપમાં એક કુમળું, તેજસ્વી બાળક જ્ઞાતિનાં નગરશેઠને વિશ્વાસપૂર્વક સોંપ્યું હતું.

એક વ્હાલસોયી માતાની જેમ, જ્ઞાતિજનોએ તેને પ્રેમથી પોષ્યું અને પૂર્ણકલાએ ખીલ્યું. આ ઉત્તમ નિષ્ઠા બદલ, લાલચંદ થાવર નું અમારૂં કુટુંબ, આપ સહુના સદા માટે ઋણી છીએ અને હૃદયપૂર્વક આપનો આભાર માનીએ છીએ

૨૦૦૧ નાં ભૂકંપ વખતે વ્યથિત જ્ઞાતિજનો માટે મહાજનવાડી એક દૈવી આશીર્વાદરૂપ હતી.

આજે, દરેક વય અને વ્યવસાયનાં જ્ઞાતિજનોએ મળી એક વૈશ્વિક ***(GLOBAL)*** સમાજને શોભે તેવું બહુલક્ષી સંકુલ ઉભું કર્યું છે. તેનાં શુભ ઉદ્ઘાટન પ્રસંગે અમારી મંગલ પ્રાર્થના છે કે આ પ્રગતિશીલ સંકુલ દ્વારા જ્ઞાતિનાં નબળામાં નબળા વર્ગ સુધી - કેળવણી, આરોગ્ય, રોજગારી, કૌટુંબિક સુખાકારી તેમજ ધાર્મિક જાગૃતિ, આધુનિક સુવિધાઓ સકલ સંઘનાં સહકારથી મળી રહે.

શ્રી મહાજનવાડીનું નવું સંકુલ હંમેશ માટે સમાજનું સંસ્કાર કેન્દ્ર બની રહે તેમજ દાનવીરો માટે એક ***TRUST WORTHY VEHICLE*** બની રહે અને નબળા વર્ગ માટે એક સલામતીનો કિલ્લો બની રહે એજ ભાવના.


**ગુલાબચંદ કરમચંદ શાહ**
(લાલચંદ થાવર કુટુંબ વતી)

૪૩, ચિત્રકુટ
અલ્ટ્રા માઉન્ટ રોડ,
મુંબઇ-૪૦૦૦૨૬.
ફોન : (૦૨૨) ૨૩૫૩ ૩૪૪૫,
૨૩૫૩ ૦૯૬૮

Mukesh B. Zaveri
Director,
Sardar Sarovar Narmada Nigam Ltd.
Ex. MLA, Ex. Chairman G.M.D.C.





SARDAR SAROVAR
NARMADA NIGAM LTD.
Block No. 12,
New Sachivalaya Complex,
Gandhinagar - 382 010
Gujarat.


"શુભેચ્છા સંદેશો"

તા. ૨૦-૦૧-૨૦૨૧

પ્રમુખશ્રી,

ભુજ વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિના આધુનિક સુવિધા સભર સમાજ શ્રી લાલચંદ ઠાવર જૈન મહાજનવાડીના નવા મકાનના ઉદ્ઘાટનના શુભ પ્રસંગે હાર્દિક શુભેચ્છા પાઠવું છું

શહેરના હૃદય સમા વિસ્તારમાં આવેલી વિશાળ આધુનિક મહાજનવાડી લોકોપયોગી સુવિધા સાથે નગરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. આવી ભવ્ય ઈમારત બનાવવા જ્ઞાતિના સુત્રધારોએ જે પરિશ્રમ કર્યો છે તે અભિનંદનીય છે.

જૈન સમાજ દરેક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધે - વિકાસના નવા શિખરો સર કરી ઉન્નત થાય એજ અભિલાષા

મુકેશ બ. ઝવેરી


'Trishla', Himmat Park St., Nr. Judges's Colony, Jubilee Ground, Bhuj - 370 001. Kutch - Gujarat.
Tel: 02832-251465 | Cell: 098250 49149 | E-mail: mukeshzaveri@yahoo.com



**નરેન્દ્ર મેઘજી ઠક્કર** (શંકર)
: પ્રમુખ :
શ્રી ભુજ નગર સેવા સદન
ડો. જયંતખત્રી માર્ગ, ભુજ(કચ્છ)

પ્રતિ શ્રી પ્રફુલભાઈ રામનભાઈ શાહ,
પ્રમુખ શ્રી વિશા ઓસવાડ જૈન સમાજ.
ભુજ - કચ્છ.

શુભેચ્છા સંદેશો

જય જિનેન્દ્ર,

ડોસાભાઈ ધર્મશાળાનું પુનઃ નિર્માણ કરી ડોસાભાઈની ધર્મદાન પ્રવૃત્તિને આધુનિક યુગ સાથે જોડીને, જીવનપર્યંત ધર્મદાનની ગંગા સમાજ પર વરસતી રહે તેવા ઉમદા ઉદ્દેશ સાથે સમાજના વર્તમાન પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીગણે જે નિર્ણય લીધો છે તે આવકારદાયક છે.

પવિત્ર લગ્નબંધનના સમારંભો યોજવા માટે આપનું પાર્ટી પ્લોટ ખૂબ જ ઉપયોગી નીવડશે. સાથે સમાજ માટે વિશ્રાંતિ ભવન પ્રેરણાદાયક બનશે. શુદ્ધ અને સાત્વિક ભોજન પણ આપના આંગણે તમામ વર્ગને પોષાય તેવા દરથી પ્રાપ્ત થશે. ઈશ્વર આપના આ ઉમદા કાર્યને વધુમાં વધુ પ્રોત્સાહન મળે તથા રૂડા આશીર્વાદ આપના સમાજ પર વરસાવે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

ન. ઠક્કર

ગેરવાળી વંડી પાસે, ન્યુમીન્ટ રોડ ભુજ-કચ્છ. ફોન : ઓ. ૨૨૦૩૭૫ મો. ૯૮૨૫૨ ૧૯૮૮૩



# શુભેચ્છા સંદેશો

તા. ૧૧-૧-૨૦૧૧

શ્રી વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ સંચાલિત નવનિર્મિત શ્રી લાલચંદ થાવર જૈન મહાજન વાડીના ઉદ્દ્ઘાટન પ્રસંગે આપ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

સમયના પરિવર્તન ને ધ્યાનમાં રાખી આજની જરૂરીયાતોને સમજી આપ સર્વે એ જે મહેનત કરી આ પ્રસંશનીય કાર્ય કર્યુ તેની ભુરી ભુરી અનુમોદના આવતા જતા યાત્રીકો માટે આ મહાજનવાડી વિસામો બનશે, અને તેમના અંતરના આશિષોથી આપ પ્રતિદિન પ્રગતિ પંથે આગળ વધો અને સમાજ ઉત્કર્ષના વધુને વધુ કાર્યો કરો તેવી અભ્યર્થના.

એજ લી.
**ડૉ. પ્રવિણ એસ. શાહ**
પ્રમુખશ્રી
વસઇ (ભદ્રેશ્વર) જૈન તીર્થ



# પ્રમુખ સ્થાનેથી

તા. ૧૧-૧-૨૦૧૧

મારા જ્ઞાતિબંધુઓ - વડીલો - બહેનો

આજરોજ આ નવનિર્મિત મહાજનવાડી સમાજ માટે ખુલ્લી મૂકતાં મને અને અમારી ટીમને અનહદ આનંદ છે. પરમ કૃપાળુ પરમાત્માના આશીર્વાદથી અમો એ આ નવનિર્માણનું કાર્ય બે વર્ષના સમયગાળામાં પરિપૂર્ણ કર્યું છે.

અમો આ કાર્ય પૂર્ણ કરવામાં યશભાગી જરૂર થયા છીએ પરંતુ અમો તો માત્ર નિમિત છીએ. જો આ કાર્ય માટે ખરા યશભાગી ગણવા હોય તો આપણા પૂર્વજો ને ગણવા જોઇએ.

શ્રી ડોસાભાઇ લાલચંદ તથા શ્રી કરમચંદભાઇ લાલચંદ જેઓની દીર્ઘદ્રષ્ટિ કે આજથી ૭૦ વર્ષ પહેલા કે જયારે આ ધર્મશાળાનું નિર્માણ થયેલું ત્યારે એ જગ્યા ઉજ્જડ હતી. આજુબાજુ કોઇ વસ્તી ન હતી. રાત્રે ત્યાં જવું હોય તો વિચાર થાય. પરંતુ તેઓનું VISION ખરેખર અદ્‌ભુત હતું. અને આજે આપણે જોઇએ છીએ કે આપણી મહાજનવાડીની જગ્યા એ ભુજ શહેરનું હાર્દ છે. આજે આ LOCATION સમાજને મળવું દુર્લભ છે. અમો ખરેખર તો તેમના ઋણી છીએ કે તેઓએ સમાજ માટે આ જગ્યા વસાવેલ, આપણે તો ફક્ત તેનો વિકાસ કર્યો છે.

આ મહાજનવાડી ના નવનિર્માણમાં ઇન્જીનીયર શ્રી પ્રેમલભાઇ શાહે નકશા બનાવેલ અને ત્યારબાદ ઇન્જીનીયર શ્રી કિર્તિભાઇ શાહે નકશા મંજુર કરાવાથી કરીને સંપૂર્ણ બાંધકામ માટે કાર્ય કરેલ.

આ બાંધકામ માં કારોબારી ના સભ્યો ના છેલ્લા બે વર્ષના સક્રિય પુરુષાર્થ અને ઉત્સાહના કારણે અમો આ કાર્ય ખૂબ ઝડપથી અને સારી રીતે પૂર્ણ કરી શકયા છીએ.

મહાજનવાડીના નવનિર્માણમાં મુખ્ય સહકાર આપણા મંત્રીશ્રી રમેશભાઇ સી. શાહનો તેમના વર્ધમાનનગરના બાંધકામના અનુભવનો લાભ દરેક તબકકે મળેલ છે. શરૂઆતના પ્લાનીંગ, ઇજનેરશ્રી તથા કોન્ટ્રાકટરની નિમણુંક, જુદી-જુદી એજન્સીઓ નકકી કરવી તથા ખરીદી કરવામાં સહકાર મળેલ તેઓની દરરોજની અચૂક હાજરી અને ઝીણવટ ભરી દેખરેખ થી ભવિષ્યમાં મુશ્કેલી ન થાય તે રીતના ફેરફારો ઇજનેરશ્રી સાથે ચર્ચા વિચારણા કરી કરાવેલ.

મહાજનવાડીનું બાંધકામ શરૂ થયુ ત્યારથી આપણા કારોબારી સભ્ય મધુભાઇ ભવાનજી સંઘવી એ દરરોજ ટાઢ તડકામાં સાઇટ ઉપર હાજર રહી બાંધકામ ઉપર દેખરેખ રાખેલ તેમજ સિમેન્ટ, લોખંડ, પેઇન્ટ્સ તેમજ અન્ય ખરીદી કરકસર થી કરવામાં યોગદાન આપેલ.

ઓફિસનો સંપૂર્ણ કારોબાર સહમંત્રીશ્રી મધુકર જગજીવન શાહે સંભાળેલ. ઉપપ્રમુખ શ્રી ખુશાલભાઇ લાલચંદ શાહે રોજબરોજના આર્થિક લેવડ દેવડના વ્યવહારોની ચકાસણી તેમજ ઉદ્‌ઘાટન પ્રસંગે બહાર પાડવામાં આવેલ સ્મરણીકા તૈયાર કરવામાં જહેમત ઉઠાવેલ, કારોબારી સભ્ય શ્રી જીતેન્દ્ર મુલચંદ ઝવેરી નો સરકારી કામકાજ, ઇલેકટ્રીક કનેકશન, પ્લાન મંજુર કરાવવા અને સ્મરણીકા તૈયાર કરવા વિગેરેમાં સહયોગ મળેલ, કારોબારી સભ્ય શ્રી હર્ષદ બાબુલાલ શાહ તથા હર્ષદ મોહનલાલ શાહ નો માલ સામાન ખરીદી તથા ફર્નિચર સિલેકશનનાં કામમાં સહકાર

મળેલ, કારોબારી સભ્ય દિપક રવિલાલ રાજા નો બાંધકામના નકશા મંજુર કરાવવા તથા દુકાનના ભાડુઆતો સાથેના સંકલન માં સહયોગ મળેલ, કારોબારી સભ્ય અલ્પેશ શાહ નો પણ આ કાર્યમાં પુરેપુરો સાથ સહકાર મળેલ. મહાજનવાડીમાં પહેલી દુકાન શરૂ કરનાર અમારા કારોબારી સભ્ય શ્રી જયેશભાઇ પૂનમચંદ ધીવાળા કે જે આજે આપણી વચ્ચે નથી તેને પણ આ સમયે યાદ કરૂં છું.

આ મહાજનવાડીને ત્રણ ભાગમાં વહેંચી શકાય, જેમાં એક ભાગ કોમર્શીયલ છે જેમાં ૧૫ દુકાનો આવેલી છે. બીજા ભાગમાં સમાજવાડી બનાવેલ છે જેમાં ૧૧૦૦૦ ચો.ફૂટનો પાર્ટી પ્લોટ, રસોડું, વિવિધલક્ષી હોલ, ૩૨૦૦ ફુટનો એ.સી લગ્ન હોલ, અન્ડર ગ્રાઉન્ડ હોલ તથા દુકાન ઉપર ના ભાગે હોલ, આ સમાજવાડી સમસ્ત જૈન સમાજના જુદા-જુદા પ્રસંગો જેવા કે લગ્ન પ્રસંગ, દીક્ષા તેમજ સામાજીક અને ધાર્મિક પ્રસંગો  માટે ઉપયોગી થશે. અને ત્રીજા ભાગમાં યાત્રીક ભવન આવેલું છે જેમાં ૩૨ રૂમો આધુનિક સગવડ સાથે બનાવેલ છે જેમાં ૧૨ એ.સી રૂમો અને ૧૬ નોન એ.સી રૂમો છે અને ૪ એ.સી ડીલક્ષ રૂમની સગવડ છે. જે સમાજના ભાઇઓને અને બહારથી આવતા યાત્રિકોને ખૂબ જ ઉપયોગી થશે. સાથે દાતાશ્રી ડોસાભાઇ તથા કરમચંદભાઇના મુળભુત ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આ મહાજનવાડીના આગળના ભાગે ડોરમેટરી ની સુવિધા રાખેલ છે જેનો ઉપયોગ સાર્વજનિક રીતે ખૂબ જ વાજબી ભાવથી થઇ શકશે.

હાલે સમાજમાં શિક્ષણ, મેડીકલ અને આર્થિક ક્ષેત્રે જુદી-જુદી સહાયની યોજનાઓ ચાલુ છે. અને મહાજનવાડી નું કાર્ય પુરું થયેથી અમો આ સેવાનો ફલક વિસ્તારશું અને શિક્ષણ અને મેડિકલ માટે માતબર એવી રકમ અંકીત ફંડ ખાતે લઇ જશું.

અમો આ અમારા સમયકાળ દરમ્યાન આપણા સમાજના બે મંડળો, યુવક મંડળ અને મહિલા મંડળની સ્થાપના કરી છે. આ બંને મંડળો આજે સક્રિય રીતે સામાજીક પ્રવૃતિ કરી રહેલ છે.

આ મહાજનવાડીમાં અમો જીમ્નેશીયમ શરૂ કરવાનું વિચારેલ છે અને સાથે સાથે મેડિકલ સેન્ટર તથા કોમ્પ્યુટર ના વર્ગો પણ શરૂ કરવાની વિચારણા છે.

મહાજનવાડીનું કાર્ય પૂર્ણ થવાથી સમાજના કાર્યો પૂરા થઇ જતા નથી હજુ આપણી પાસે ઘણી મિલ્કતો છે જેનું ડેવલપમેન્ટ કરવાનું છે. ઇન્દ્રાબાઇ પાર્કના વહીવટ માટે આપણા સમાજની માંગણી છે અને આપણાં પ્રયત્નો ચાલુ છે, જે મળેથી પાર્કનો વિકાસ કરવાનો છે. અમરધામ સામેની જગ્યા પણ ખાલી થયેથી વિકાસ કરવાનો છે.

ઘણા સમયથી એક બાબતનો મને દુઃખ છે કે આપણા જ્ઞાતિજનો માં નિષ્ક્રિયતા વધુ જોવા મળે છે આપણા ને આપણાપણાનો જોઇએ એટલો ગૌરવ નથી અને સમાજમાં કામ કરતાં ભાઇઓને જોઇએ એવું પ્રોત્સાહન મળતું નથી. સમાજના તમામ ભાઇઓ - યુવાનો- યુવતીઓને ખાસ વિનંતી કરું છું કે દરેક સામાજીક પ્રવૃતિઓમાં ઉત્સાહ પૂર્વક હાજરી આપો અને સમાજની દરેક પ્રવૃતિઓને સફળ બનાવો.

અંતમાં ફરીને મને અને અમારી કારોબારી ને મહાજનવાડી નવનિર્માણ કરવાનો સમાજ તરફથી મોકો મળ્યો અને અમો સૌ જ્ઞાતિજનો ના સાથ સહકારથી આ કાર્ય પૂર્ણ કર્યું તે માટે સૌ જ્ઞાતિજનો તેમજ દાતાશ્રીઓનો આભાર માનું છું અને હું હમેંશા સમાજના કોઇપણ ઉન્નતિના કાર્યમાં કામ કરવા યથાશકિત ફાળો આપી શકું એવી પ્રભુજીને પ્રાર્થના અને સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે એજ અભ્યર્થના.

**પ્રફુલચંદ્ર ચમનલાલ શાહ**
પ્રમુખશ્રી
શ્રી વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ, ભુજ



# મંત્રીશ્રીની કલમે

આજે નવનિર્મિત શ્રી લાલચંદ થાવર જૈન મહાજન વાડીનું ઉદ્‌ઘાટન થઇ રહ્યું છે ત્યારે છેલ્લા ૧૧ વર્ષથી સમગ્ર સમાજના ભાઇ-બહેનોએ અમારામાં મૂકેલા વિશ્વાસને સાર્થક કરવા અમે કરેલ પ્રવૃતિઓની વિગત અત્રે રજુ કરીએ છીએ.

સ્વ. કાંતીલાલ બાબુલાલ શાહ ની નાદુરસ્ત તબીયતને કારણે પ્રમુખપદેથી રાજીનામું આપતા તા. ૨૪-૪-૨૦૦૦ શ્રી સમાજે અમને સમાજસેવાની ધુરા સોંપી.

દર વર્ષે થતી પ્રવૃત્તિઓ જેવીકે સરસ્વતી સન્માન સમારંભ, મેડીકલ સહાય, અડદીયાનું વેંચાણ, મફત છાશ વિતરણ તેમજ અન્ય સામાન્ય પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી.

આપણા સમાજની અતી મહત્વની મિલ્કત શ્રી લાલચંદ થાવર જૈન મહાજન વાડીનું પુનઃનિર્માણ કરી આધુનીકરણ કરવાનું કાર્ય હાથમાં લેવામાં આવ્યું. આ અંગે મુખ્ય આડ-ખીલીરૂપ રહેલ માજી નોકરીયાત દ્વારા મહાજન વાડીના ત્રણ રૂમનો કબ્જો રાખેલ તે અંગેના ચાલતા કેસનો કોર્ટ બહાર સુખદ સમાધાન કરી બધા રૂમનો કબ્જો સમાજે મેળવ્યો.

મહાજનવાડીના નિર્માણનું કાર્ય શરૂ કરીએ ત્યાં કચ્છમાં તા. ૨૬-૧-૨૦૦૧ ના સવારના ૮:૩૦ વાગ્યે ભયંકર વિનાશક ભૂકંપ આવ્યો અને સમગ્ર કારોબારીએ તેમની અન્ય સર્વ પ્રવૃત્તિઓ સ્થગિત કરી ભૂકંપગ્રસ્ત સમાજના સભ્યોને સહાયભૂત થવાની કોશીષ શરૂ કરી.

ભૂકંપના પ્રથમ દિવસે જ બપોરથી વંડામાં રસોડું શરૂ કરવામાં આવ્યું. બે-ત્રણ દિવસમાં પાણી ખુટતા તેમજ વિજળીની સેવા ન હોતા સભ્યોને જ્ઞાતિની મહાજનવાડીમાં સ્થળાંતર કરવાનું નકકી કરવામાં આવ્યું ત્યાં પ્રથમ તો સર્વ જૈન ભાઇ-બહેનો માટે રસોડું શરૂ કરવામાં આવ્યું. જુદા જુદા જૈન સમાજ તરફથી તેમના સભ્યો માટે આગવી વ્યવસ્થા કરાતા, આપણું રસોડું સભ્યો માટે તથા અન્ય

ગુર્જર સમાજના સભ્યો પુરતું મર્યાદિત કરવામાં આવ્યું. ટ્રસ્ટી શ્રી જીતેન્દ્ર મુલચંદ ઝવેરીના પ્રયાસથી સમાજના સર્વ સભ્યોને ઘર આંગણે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ કેશ ડોલ્સનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ સમાજના પુખ્ત વયના મૃતક સભ્યો માટે ઘેર બેઠા મળતી સહાય રૂા. ૧,૦૦,૦૦૦/- અને સગીર મૃતકને મળતી સહાય રૂા. ૬૦,૦૦૦/- મેળવવામાં મદદરૂપ થયા તથા શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર, કલીકુંડ, ધોળકા ની સહાયથી મહાજનવાડી મધ્યે તંબુઓ ઉભા કરવામાં આવ્યા અને તેમાં પથારી વગેરેની વ્યવસ્થા કરી કામચલાઉ રહેવાની વ્યવસ્થા કરી. તંબુમાં રહેનાર લોકો માટે કાયમી રસોડું ચાલુ રાખવું તે સમાજના હિતમાં ન હોતા અને રહેઠાણની કાયમી વ્યવસ્થા નજદીકના ભવિષ્યમાં થઈ શકે તેમ ન હોતા, મહાજનવાડીમાં જ ટેમ્પરરી આવાસોનું નિર્માણ કરવાનું નકકી કરવામાં આવ્યું. દરેક આવાસમાં ૬'×૬' નું રસોડું, ૪'×૬' નું બાથરૂમ તથા ૧૦'×૧૨' ના રૂમની સગવડ કરવામાં આવતા આવા ૮૪ આવાસો બનાવવામાં આવ્યા અને તેમાં રહેવાસ શરૂ થતા ભૂકંપ પછી ૭-મહિનાથી ચાલતું રસોડું બંધ કરવામાં આવ્યું.

કાયમી રહેઠાણ માટે વ્યવસ્થા કરવા અન્ય જૈન સમાજના સાથસહકારથી વર્ધમાન નગર ઓનર્સ એસોશીએશનની રચના કરવામાં આવી જેમાં આપણા સમાજના પૂર્વ પ્રમુખ સ્વ. કાંતીલાલ બાબુલાલ શાહ પ્રમુખ તરીકે અને આપણા સમાજના મંત્રીશ્રી આર. સી. શાહ ની મંત્રી તરીકે વરણી કરવામાં આવી. આ નગરમાં આપણા સભ્યોના મકાન બાંધકામ માટે શ્રી પાર્શ્વ ઓનર્સ એસો. ની રચના શ્રી પી. સી. શાહ ના પ્રમુખપણા હેઠળ રચના કરવામાં આવી અને ત્યારની કારોબારીના હોદ્દેદારો તથા સભ્યો તેમજ સમાજના અન્ય સભ્યો ઉમેરી કારોબારીની રચના કરવામાં આવી.

પાર્શ્વ ઓનર્સ અસોશીએશનની રાહબર હેઠળ સમાજના સભ્યો માટે વર્ધમાન નગર મધ્યે ટાઈપ-એ ના ૭૨ મકાન, ટાઈપ-બી ના ૮૪ મકાન અને ટાઈપ-સી ના ૯૯ મકાનનું બાંધકામ કરવામાં આવ્યું. એપ્રિલ-૦૪ થી આ મકાનો સભ્યોને સોંપાતા મહાજન વાડીમાં બનાવેલ આવાસો ખાલી કરવામાં આવ્યા.

જે સભ્યોના મકાન જી-૫ કેટેગરીમાં હતા તેમને સરકાર દ્વારા બાંધકામ માટે આપવામાં આવતી સહાય મહત્તમ રૂા. ૧,૫૦,૦૦૦/- મેળવી આપવામાં મદદરૂપ થયા તેમજ ૫૪ સભ્યોને 'જૈના' સંસ્થાની સહાય રૂા. ૬૦,૦૦૦/- મેળવી આપવામાં આવી. તેમજ અમુક સભ્યોને રૂા. ૧૬,૦૦૦/-

સુધી સહાય મેળવી આપવામાં આવી જે સભ્યો પાસે મકાનની સંપૂર્ણ રકમ નહોતી તેમને બેન્કમાંથી લોન મેળવી આપવામાં મદદરૂપ થયા.

વર્ધમાન નગરમાં અન્ય સવલતો જેવી કે દહેરાસર, ઉપાશ્રય, સ્થાનક, સ્કુલ, હોસ્પિટલ, બસ, એમ્બ્યુલન્સ સેવા વગેરેનો લાભ આપણા સભ્યોને મળતો રહે છે.

હાલે વર્ધમાન નગરનું સંપૂર્ણ સંચાલન આપણા મંત્રીશ્રી આર. સી. શાહ સંભાળી રહ્યા છે. ભૂકંપગ્રસ્ત સમાજના સભ્યો થાળે પડતા અમોએ ફરીથી સમાજની પ્રવૃત્તિઓ શરૂ કરી આ દશકા દરમ્યાન કરેલા મહત્વના કાર્યો નીચે મુજબ છે :

## સામાજીક ઉત્કર્ષ :-

(૧) સમાજના સભ્યો માટેની મેડીકલ સહાયમાં વધારો કર્યો તેમજ લેબોરેટરી ખર્ચ તથા મેડીકલેઈમના વિમાના પ્રિમીયમમાં આંશીક સહાય આપવાનું શરૂ કરવામાં આવ્યું.

(૨) સમાજના સભ્યોના પુત્ર/પુત્રીના ઉચ્ચ અભ્યાસ માટે આર્થીક સંકડામણ ન નડે તે માટે એજ્યુકેશન લોન શરૂ કરવામાં આવી.

(૩) સમાજની ગૃહઉદ્યોગ કરતી બહેનોને યાંત્રીક સાધનો વસાવવા લોન આપવાનું શરૂ કરવામાં આવી.

(૪) સમાજના સભ્યોને વેપાર-ધંધા માટેની લોનની રકમ વધારવામાં આવી.

(૫) દાતાઓના સાથસહકારથી બે વખત સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું.

(૬) અકસ્માત પ્રસંગે આર્થીક મુશ્કેલ ન પડે તે માટે દરેક સભ્યોનું રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીનો એકસીડન્ટ વિમો ઉતરાવવામાં આવ્યો.

(૭) સભ્યોના કારકીર્દી ઘડતર માટે કારકીર્દી માર્ગદર્શન પ્રવચન યોજવામાં આવ્યા.

(૮) કલા ક્ષેત્રે આપણા સમાજના સભ્યની પુત્રી ધારા સુરેન્દ્ર શાહ નું જે નૃત્ય વિશારદ છે તેના કલાવૃંદ સાથેનો પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યું.

(૯) જૈન સમાજ સેવક શ્રી શાંતીલાલ મુથા (પૂના) નું પ્રવચન ગોઠવવામાં આવ્યું.

(૧૦) સભ્યોના યુવકોના સર્વાંગી વિકાસ માટે યુવક મંડળ તથા મહીલાઓના ઉત્કર્ષ માટે મહીલા મંડળની રચના કરવામાં આવી. સમાજ તરફથી આ બન્ને મંડળને તેમની જુદા જુદા પ્રોજેકટ માટે જરૂરી આર્થીક સહયોગ તેમજ અન્ય સવલતો પૂરી પાડવામાં આવે છે.

(૧૧) નૂતન વર્ષના દિવસે સામુહિક નૂતનવર્ષાભીનંદન કરવાનું શરૂ કરવામાં આવ્યું.

(૧૨) સમાજનું સરસ્વતી સન્માન સમારંભ એકવાર વાંકી જૈન તીર્થ મધ્યે અને બીજી વાર પ્રાગપર ચોકડી મધ્યે અંબાજી માતાના મંદિરે પીકનીક સ્વરૂપે યોજવામાં આવેલ અને તે જ દિવસે અંજારના શ્રી ધીરેન્દ્ર નારાણજી વોરાના સહયોગથી સમાજના ૭૦૦ સભ્યોને અદાણી પોર્ટ (મુન્દ્રા) ની મુલાકાત કરાવેલ.

(૧૩) આપણા સમાજના સભ્યોએ શિક્ષણ સિવાય અન્ય ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્‌ધિઓ મેળવી હોય અને જે સભ્યો અન્ય સંસ્થાના મહત્વના પદે નિમણૂંક પામ્યા હોય તેમનું સન્માન કરવામાં આવે છે.

(૧૪) સમાજના સભ્યોને જરૂરી માહિતી મળતી રહે તે માટે સમાજની વેબસાઇટ શરૂ કરવામાં આવી.

(૧૫) સમાજના સભ્યો માટે મેડીકલ ચેકઅપનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.

(૧૬) સમાજની આર્થીક મુશ્કેલી અનુભવતી વિધવા બહેનો માટે માસિક રૂા. ૫૦૦/- નું પેન્શન આપવાનું શરૂ કરવામાં આવ્યું.

**ધાર્મિક ક્ષેત્રે :**

સમાજના જે સભ્યોએ મોટી તપસ્યા કરી હોય તેમને દર વર્ષે સન્માનીત કરવામાં આવે છે.

**બાંધકામ ક્ષેત્રે :**

(૧) આપણી જ્ઞાતિના વંડામાં ભૂકંપને કારણે થયેલ નુકશાનનું રીપેરીંગ અને કલર કરવામાં આવ્યું તથા પ્રથમ માળે આવેલા રૂમનું આધુનિકરણ કરવામાં આવ્યું તેમજ નવું ફર્નિચર વસાવવામાં આવ્યું.

(૨) આપણા સમાજની વાણિયાવાડમાં આવેલ મિલ્કત જેમાં ‘અપના બજાર’ સંસ્થા ભાડે છે તેના મેનેજીંગ ડીરેકટર અને આપણા સમાજના પૂર્વ મંત્રી શ્રી માણેકલાલ પી. શાહ ના સાથસહકારથી સમાધાન કરી તેનું સંપૂર્ણ નવનિર્માણ કરવામાં આવ્યું. તેમાં કારોબારી સભ્યશ્રી મહેન્દ્ર બી. સંઘવીએ સક્રિય ભાગ લીધેલ અને સમાધાનના ફળશ્રૃતી સ્વરૂપે સમાજને ગ્રાઉન્ડ ફલોરમાં બે દુકાન તથા પ્રથમ માળે ૪૦૦ ફુટ જેટલો હોલ મળેલ છે.

(૩) આપણા સમાજની વાણિયાવાડમાં આવેલ અન્ય મિલ્કતનું ભાડુતના ખર્ચે સંપૂર્ણ નવીનીકરણ કરવામાં આવ્યું.

(૪) અમરધામ પાસે આવેલ દુકાનો ઉપર નવ ઓફીસનું બાંધકામ કરવામાં આવ્યું અને તે સમાજના સભ્યોને ભાડે આપવામાં આવેલ.

(૫) આપણા વંડાને લાગુ અંદાજે ૧૦૦ ચો.મી. ની જમીન ખરીદવામાં આવી.

(૬) સતત પ્રયાસોને કારણે આપણા સમાજની એક સિવાયની મિલ્કતોમાંથી ટાઉન પ્લાનીંગને કારણે થતી કપાતમાંથી મુકતી મેળવી.

(૭) અમરધામમાં વધારાના બાંકડા-શેડ બેસાડવામાં આવ્યા તેમજ તેનું સંપૂર્ણ ફલોરીંગ કરવામાં આવ્યું.

(૮) શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું (અંદાજે ૬૦,૦૦૦ ચો.ફુટ) જેની વિગત અન્યત્ર આપવામાં આવેલ છે.

(૯) અમરધામ પાસે આવેલ ૮૦૦૦ ચો.ફુટનો કિંમતી પ્લોટ જેની માલીકીનો કોર્ટમાં વિવાદ ચાલતો હતો તેનું સમાધાન કરી સંપૂર્ણ પ્લોટ આપણા સમાજની માલીકીનું કરવામાં આવ્યું.

(૧૦) ભૂકંપને કારણે ભુજના ગામતળ વિસ્તારમાં પારાવાર તારાજી સર્જાયેલ (સદ્‌ભાગ્યે વાણિયાવાડ વિસ્તારમાં પ્રમાણમાં બહુ ઓછું નુકશાન થયેલ) તેથી સરકારે ગામતળની મિલ્કતને જેમ અને તેમ રાખી ગામમાં વસ્તા દરેકનું સ્થળાંતર કરવા આયોજન કરેલ. આ આયોજનનું આપણા સમાજના આગેવાનોએ અન્ય સમાજના સભ્યોના સાથ-સહકારથી જબ્બર વિરોધ કરેલ અને તેથી સરકારને તે આયોજન મોકુફ રાખવું પડ્યું અને તે કારણે આપણા સમાજની અને સમાજના સભ્યોની કરોડોની મિલ્કત સચવાઇ ગઇ.

(૧૧) આપણા પૂર્વજ સ્વ. ડોસાભાઇ લાલચંદ શાહે તેમના માતુશ્રી શ્રીમતી ઇંદ્રાબાઇના સ્મર્ણાર્થે ઇન્દ્રાબાઇ પાર્ક (મહાજનવાડી પાસે) બંધાવેલ અને તે પાર્ક ભુજ નગરપાલિકાને વહીવટ માટે સુપ્રત કરેલ. નગરપાલિકાએ તે પાર્કમાં નગરપાલિકાનું કાર્યાલય બાંધવાનું આયોજન કરતા તે આયોજનનો આપણા સમાજે સજ્જડ પ્રતિકાર કરેલ અને તેથી તેમાં હાલે કોઇપણ પ્રકારનું બાંધકામ થયેલ નથી.

## અમારી આગામી પ્રવૃત્તિઓ :

(૧) સમાજના સભ્યો માટે મેડીકલેઇમ વિમો ઉતરાવવાની સગવડ કરવી.

(૨) સમાજના અભ્યાસ કરતા સભ્યો માટે અમદાવાદમાં રહેવાની વ્યવસ્થા કરવી.

(૩) સમાજના સભ્યોને કેળવણી તેમજ વૈદકીય સારવારમાં આર્થીક મુશ્કેલી ન પડે તે માટે માતબર રકમની ફાળવણી કરવી.

(૪) સમાજની માલિકીનું ''સૌભાગ્ય ભવન'' જે ભૂકંપમાં જમીનદોસ્ત થઇ ગયેલ છે. તેનું પુનઃનિર્માણ કરવું અને તેમાં સામાજીક પ્રવૃત્તિઓ શરૂ કરવી.

(૫) શ્રી લાલચંદ થાવર જૈન મહાજન વાડીના પ્રથમ માળે કોમ્પ્યુટર કલાસ, મેડીકલ ચેકઅપ સેન્ટર તેમજ બેઝમેન્ટમાં ઝીમ્નેશીયમ શરૂ કરવું.

(૬) વંડાની લાગુમાં ખરીદેલ જમીન ઉપર નીચે રસોડું તથા ઉપર અતિથિગૃહ બનાવવું.

(૭) આપણા સમાજની મિલ્કત જે ભોજનશાળા થી ઓળખાય છે તેનું પુનઃનિર્માણ કરવું.

(૮) સમસ્ત કચ્છના ગુર્જર સમાજના સભ્યો માટે સમુહલગ્નનું આયોજન કરેલ પણ યોગ્ય પ્રતિસાદ ન મળતા તે શકય ન બનતા તેના પ્રયત્નો ચાલુ રાખવા.

(૯) સમાજના બહારગામ વસ્તા સભ્યો ભુજ સમાજ સાથે સંપર્કમાં રહે તેમજ દરેકની ખબર અંતર મળતા રહે તે માટે સમાજનું ત્રીમાસિક મુખપત્ર શરૂ કરવું.

(૧૦) હાલે અમુક પ્રવૃત્તિઓ ભુજ પુરતી મર્યાદિત છે તેનો ફલક વિસ્તારવો અને શકય હોય તો સમગ્ર સભ્યોને તેમાં સાંકળવા.

(૧૧) ઈંદ્રાબાઇ પાર્કનો વહીવટ ભુજ નગરપાલિકા પાસેથી મેળવી તેનો સર્વાંગી વિકાસ કરવો.

(૧૨) વંડાના બીજા માળે આવેલ હોલનો પુરતો ઉપયોગ થતો ન હોવાથી શકય હોય તો વંડામાં લીફ્ટ બેસાડી તેનો ઉપયોગ શરૂ થાય તેમ કરવું.

અમારી આ પ્રવૃત્તિમાં સમાજના ઘણા સભ્યોનો, ઈત્તર જૈન સમાજના સભ્યોનો પણ સાથ સહકાર મળતો રહ્યો છે તેમજ નગરપાલિકા, વીજતંત્ર તેમજ સરકારી તંત્રનો પણ સુંદર સહયોગ મળતો રહે છે જે સૌના અમો આભારી છીએ.

અમારી આ પ્રવૃત્તિ દરમ્યાન કોઇને પણ કોઈ પ્રકારનું જાણતા અજાણતા મનદુઃખ થયું હોય તો ક્ષમા કરશો.

મહાજનવાડીમાં આપવામાં આવેલા સુવિધાઓ માટે સામે ચાલીને દાતાઓશ્રી તરફથી ઉદાર હાથે મળેલ આર્થીક સહકાર બદલ ધન્યવાદ.

અત્યાર સુધી જે જે કારોબારીની રચના થયેલ તે દરેક સભ્યોનો અમને સુંદર સાથસહકાર મળેલ છે અને તેમના સહકાર અને અમારા ઉપરના વિશ્વાસથી અમે આ કાર્યો પુરા કરી શકયા. અમને જવાબદારી મળી ત્યારથી જ સમાજની આર્થીક સ્થિતિ સારી હતી અને તેને વધારે સારી કરવામાં અમોએ સંપૂર્ણ પ્રયત્ન કરેલ છે.

સમાજે અમને સોંપેલ જવાબદારી પૂર્ણ કરવા અમોએ અમારી કારોબારીએ નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરેલ છે તેમ છતા કોઈપણ કચાશ-ભુલ માટે અમે ક્ષમા પ્રાર્થીએ છીએ.

અમે સહર્ષ જાહેર કરીએ છીએ કે શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીનું સુંદર પુનઃનિર્માણ સમાજ માટે ગૌરવભર્યું નજરાણું બની રહેશે. તેમાં અમો નિમીત બન્યા તે માટે અમો સૌ ગર્વ અને ધન્યતા અનુભવીએ છીએ અને સમાજનો આભાર માનીએ છીએ.

અંતમાં દરેક સભ્યોને નમ્ર વિનંતી કે, **''સમાજે અમારા મારા માટે શું કર્યું''** તેના કરતાં **''સમાજ માટે મેં શું કર્યું''** તે વિચારશું તો આપણા સમાજની પ્રગતિ કોઈપણ રોકી શકશે નહીં.

રમેશચંદ્ર ચમનલાલ શાહ
મંત્રીશ્રી



# પ્રસ્તાવના



જીવનમાં આવતી તડકી છાંયડીને સહન કરીને જગત સમક્ષ અનમોલ જીવનનું ઉદાહરણ એટલે સ્વ. ડોસાભાઇ લાલચંદ શાહનું જીવન....

નીતિમય જીવન અને સદાચારને પોતાનો જીવનમંત્ર બનાવી ગમે તેવી તકલીફમાં પણ પોતાના સિધ્ધાંતોને ન છોડનાર ડોસાભાઇનું જીવન સંઘર્ષમય રહયું. પાઇ-પાઇ ના હિસાબની ફાળવણી કરવી અને પરિવાર પ્રત્યેના પ્રેમને જીવન મૂડી બનાવીને સમાજને ઉપયોગી થવા સતત પ્રયત્નશીલ રહયા છે. એ મહાન વ્યકિતત્વ ધરાવતા માનવીના જીવનનું મૂલ્ય કઇ રીતે આંકવુ ? આપણી માપ પટ્ટી પણ ટૂંકી પડે તેવું વિરાટ વ્યકિતત્વ એમનું સદાય રહયું છે.

જાજરમાન અને દિવ્યતાનો અનુભવ કરાવે તેવું ભર્યું ભર્યું જીવન ધરાવતા સ્વ. ડોસાભાઇનું જીવન સદાય સમાજ અને ધર્મને સમર્પિત રહયું છે. અનેકના જીવન ઘડતરમાં તેમણે બહુમુલ્ય યોગદાન આપ્યું છે. સ્વ. ડોસાભાઇના જીવન અને કાર્યોની સુવાસ માત્ર ધર્મ કે પરિવાર પૂરતી સીમિત નથી રહી પણ શિક્ષણ અને વૈદકિય ક્ષેત્રે પણ તે યુગમાં તેમણે પણ દીર્ઘદ્રષ્ટિ દાખવી કાર્યો કર્યા છે.

તેમની નિષ્ઠા અને સચ્ચાઇનો દરેકને પ્રત્યક્ષ અનુભવ પણ થયો છે. જે એમના પરિચયમાં આવ્યા, તેમને તેમના સ્વભાવની ગરવાઇ અને ગરિમાનો પણ અનુભવ થયો છે. કેટ કેટલા માનવીના જીવનમાં તેમણે પરિવર્તન લાવ્યા છે, કંઇ કેટલાય ગુણોના ભંડાર સમા સ્વ. ડોસાભાઇ લાલચંદને આપણે શી શ્રધ્ધાંજલિ અર્પી શકીએ ?

જેમણે અનેકના જીવનને સુધારાને મારગે ચઢાવ્યા છે તેમને અમારા હૃદયની ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

સ્વ. ડોસાભાઇ લાલચંદ જેવા મહાન વ્યકિતના જીવન ચરિત્રની અનેક ખુબીઓનો તથા તેમના યાદગાર પ્રસંગોને શબ્દ દેહ મળે તેવી જીવન ચરિત્રની ઝરમર તૈયાર કરનાર શ્રી શાંતીલાલ સાકરચંદ શાહ નો અમો અંતઃકરણ પૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ તેમજ આ જીવન ચરિત્રની ઝરમરના મદદમાં અન્ય મહાનુભાવો શ્રી સુરેશભાઇ ગલાલચંદ શાહ, શ્રી નરેશભાઇ અંતાણી, કુ. નલિનીબેન પ્રેમચંદ શાહ, શ્રીમતી રમીલાબેન પ્રમોદભાઇ મહેતા અને શ્રીમતી રેશ્માબેન જીતેન્દ્ર ઝવેરી એ જે સાથસહકાર આપેલ છે તે બદલ તેમનો પણ અમો અંતઃકરણ પૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ.

ટુંકા સમયગાળામાં સમાજ તરફથી આ ''સ્મરણીકા'' તૈયાર કરવામાં આવેલ હોવાથી અમારા તરફથી જો કોઇ ભુલ થયેલ હોય કે કોઇ ક્ષતિ રહી ગયેલ હોય તો અમોને તે માટે ક્ષમા કરશો.

- **શ્રી ખુશાલભાઇ લાલચંદ શાહ**
  ઉપપ્રમુખ

- **શ્રી જીતેન્દ્ર મુલચંદ ઝવેરી**
  કારોબારી સભ્ય

# સ્વ. શેઠ શ્રી ડોસાભાઈ લાલચંદ
## સ્વ અક્ષરે આલેખેલી પોતાના
# જીવનની ધૂપ છાંવ

### જીવનની ધૂપ છાયા

(પૂજય ડોસાભાઈ લાલચંદનું જીવન ચરિત્ર એમણે સ્વહસ્તે લખેલ તેની કોપી છે.)

મારો જન્મ કચ્છ ભુજમાં સંવત ૧૯૩૯ (કચ્છી) ના અષાઢ સુદ ૫ મંગળવારના થયો. પૂજ્ય પિતાશ્રી લાલચંદભાઈ અને પૂ. માતુશ્રી ઇંદ્રાબાઈ. મારી ચાર બહેનો ઉપર મારો જન્મ થયો. તેથી બધા કુટુંબને હર્ષ થયો. અને હું વધારે લાંબો આયુષ્યવાન થાઉં તેથી મારું નામ પણ એવું જ પાડયું. તે પછી ભાઈ કરમચંદનો જન્મ થયો.

પૂ. પિતાશ્રી બે થી ત્રણ વખત ધંધા રોજગાર માટે મુંબઈ ગયા, પણ તબિયત ઠીક ન રહેવાથી દેશમાં જ રહી નોકરી કરવાનું બન્યું. તેઓશ્રી દિલના મોટા હતા, સાચા પ્રેમભાવવાળા હતા, સગા સ્નેહી તરફ પણ બહુ પ્રેમભાવવાળા હતા, મારું લાલન-પાલન ખૂબ પ્રેમભાવથી થયું છે. ૩ વરસની ઉંમરે અમારી મેડાની અગાસી ઉપર હું રમતો હતો, મારી બહેનો મને આનંદ કરાવવા નીચેથી દડો ઉપર ઉલાળતાં હતાં, તેને પકડવા જતા કઠોડા ઉપરથી નીચે પડયો પણ દૈવયોગે મારી બેન વેજુબાઈએ પોતાના પછેડા કે સાડલાના ખોળામાં ઝીલી લીધો. થોડી ઝાપટ લાગી અને હળદરવાળું દૂધ મને પાયું એવો ભાસ છે. પૂજય પિતાશ્રીજીનો પગાર વાર્ષિક કોરી ૪૦૦ હતી. એ ટાઈમે એ પગાર ઠીક ગણાતો, પણ અમારા કુંટુંબમાં છોકરાઓને લઈ ખર્ચ વધારે આવતો. તેને પહોંચી વળવા અમારાં પૂ. માતુશ્રી ઘરમાં કોઈના પાપડ, કોઈની સેવ, કોઈનુ ભરત વગેરે કામ કરી ૦ાા કે ૦ાાા પેદા કરી લેતા. નાતની લાણાની ઉપજ કોરી ૧૫૦ આસરે થતી. તેથી અમારું ગુજરાન ગરીબાઈથી ઠીક ચાલ્યું. અમારા ઘરનું બધું કામ પાણી, દળણું, કપડા ધોવા, રસોઈ વગેરે બધુ પતાવીને વળી પોતાની આજીવિકા ચલાવવામાં મદદરૂપ થવા બીજાનું કામ કરવું. આવી રીતે ગરીબ માણસો જો સમજીને વર્તે તો શાંતિથી પોતાનો નિર્વાહ ચલાવી શકાય છે. મારું પ્રાથમિક શિક્ષણ ગામઠી નિશાળ વેજનાથ પંડયાને ત્યાંથી શરૂ કરી. પછી વાણીયાવાડની દરબારી સ્કુલમાં ૩ ગુજરાતી ચોપડી પાસ કરી અને પૂરું કરવાનું થયું. મારી દસ વર્ષ ની ઉમર એટલે સંવત ૧૯૪૯ ની સાલથી કંઈ કમાવાય તો ઘરમાં મદદ થાય, તેથી ભણવાનું બંધ કર્યુ. અને શા નાથા તલકશીની દુકાને બેથી ત્રણ માસ શીખવા બેઠો ત્યાર પછી શા નેમીદાસ વિજપાળને ત્યા શીખવા બેઠો. ત્યા બેઠે બેઠે કાપડના વેપારી બપોરે દોઢથી બે વાગે ફેરી કરવા જાય, તેની સાથે ગાંઠડી ઉપાડી ફેરી કરવા જવાનું શરૂ કર્યુ. તેના ૩ દોકડા. કોઈ વખત ૦ા કોરી ૩ દોકડા મળતા. તેથી સંતોષ થતો. ત્યાર પછી પૂ. પિતાશ્રીને કયાંક નોકરી બેસાડવાનું મન થયું. બજારમાં નાના છોકરાને પગાર કોણ આપે તેથી

રતાશી સોનીને ત્યાં પગાર ઠેરાવ્યા વગર રાખ્યો. ર માસ સુધી તેને ત્યાં કામકાજ મજૂરી જેવું જ હતું તે કર્યું અને બે માસની કોરી ૫ પગારની આપી. તે નોકરી મૂકી ઠકકર ઓધવજી રામદાસ કંદોઈને ત્યા માસિક કોરી ૯નો પગાર ઠેરાવી નોકરી રહ્યો. સંવત ૧૯૫૦ની સાલમાં મારી ચાર બેનોમાંથી રળીયાતબાઈ અને વેજુબાઈના લગ્ન ૧૯૪રની સાલમાં થઈ ગયા હતા. ત્રીજા સંતોકબાઈના લગ્ન ૧૯૪૬માં થયા. ચોથા લક્ષ્મીબાઈના લગ્ન ૧૯૫૦માં થયા. ચારે બેનોના લગ્ન સાદાઈથી લાજ આબરૂ પ્રમાણે કરેલ, એટલે અમારા ઉપરથી બોજો ઓછો થયો હતો. કરકસર અને સમય સૂચકતાનો દાખલો - અમારે ત્યાં બકરી રાખી હતી, તેમાંથી એક મહીના સુધી દરરોજ ૧ કળશીયો દૂધ ઓધવજીને ત્યાં આપતા. અને નાતમાં લગ્નપ્રસંગ આવે ત્યારે વહેવારવાળાને ફૂલેકું આપવુ પડે (જમવાનું) તેથી દૂધ ત્યાં જમા કરાવ્યું અને જમવા કહ્યું. ત્યારે તે દૂધનો દૂધપાક કરાવીને સગાઓને જમાડયા. આવી અમારી પૂ. માતુશ્રીની સમય સૂચકતા. આવા તો ઘણા દાખલા છે. ઓધવજી કંદોઈને ત્યાં ૪થી ૫ માસ નોકરી કરી. કામ ઉપાડ મેલ તથા દૂધનાં કડાયા હલાવી માવો કરવાનું પણ ખરું, આ નોકરીમાં કપડાં કંદોઈ જેવા ઘણા મેલાં રહેતા તેથી પૂ. પિતાશ્રીએ ત્યાંથી બદલાવી ૧૯૫૧ના અષાઢ સુદ ર ના શા ગોવિંદ નથુને ત્યાં માસિક કોરી ૧૦ પગારથી નોકરી રાખી. તેમની કપડાની દુકાન હતી. તેમને ત્યાં રાતના નામું લખવા જતો. તેથી ત્યાં નામું શીખવાનો લાભ મળ્યો. મારા અક્ષર સારા નહિ, છતાં તેઓએ મારી પાસે આવરામાં (ચોપડામાં) ખૂબ નામું લખાવ્યું. એક વરસ નોકરી પછી પગાર વધારવાના હિસાબે ઠકકર જેઠાભાઈ શામજી ભાટીયા મોદીની દુકાન ઘાંચી ફળીયામાં હતી. ત્યાં કોરી પંદરના પગારથી નોકરી રહયો હતો. સંવત ૧૯૫રના શ્રાવણ માસથી તે વખતથી સવારના જવું, બાર વાગે વળવું. ૧ થી ૧ાા વાગે પાછા જવું ૬ વાગે વળવું, ૭ વાગે જવું ૯ વાગે વળવું. તેઓને ત્યાં વેપાર નાનો હતો. ખાસ કામ નહિ. પરચૂરણ વેપાર કોઈ ખાતે લઈ જાય તેને ખાતે માંડવું. ઉઘરાણીએ શેઠ સાથે જવું. બાકી દુકાન ઉપર હાજરી આપવી. સંવત ૧૯૫૩ના ફાગણ માસમાં સુતાર સોની માવજીભાઈ રાઘવજીને ત્યાં માણસ નામું અને હિસાબ રાખી શકે એવા માણસની જરૂર હતી. મને શા માણશીભાઈ અને પરસોતમભાઈએ રસ્તે જતો બોલાવ્યો અને નોકરી કરવા વિશે પૂછયું. મેં હા પાડી એટલે માવજીભાઈ સાથે એમણે વાત કરી અને થોડા દિવસ એમના માણસ પાસે કામ જોવા આવવું અને કરી શકાય તો રાખે. તે વખતે મેતા ભાણજી વશતા માસિક કોરી ૩૦ના પગારથી નોકરીએ હતા. તેની પાસે સવારના ૫ વાગે દરરોજ ૧ થી ૧ાા કલાક કામ શીખવા જતો. ૧૫ થી ર૦ દિવસ ગયો. પછી મને લાગ્યું કે હું કરી શકીશ તેથી હા પાડી. માસિક ર૫ કોરી ઠેરાવી ફાગણ વદ આઠમથી નોકરીમાં તેઓની પાસે રહ્યો. તેમનું કચ્છ વર્કનું કામ ઘણું સારું ચાલતું હતું. તેથી તેમની ખ્યાતિ ઘણા રાજયમાં. અમલદારીમાં સારા માનકારી અને ઉંચા સ્વભાવના પોતે હતા. તેમનો રિવાજ દરેક અમાવસ્યામાં દરેકના પગારનો પત્રક કરી તેમની પાસે મૂકવાનો હતો. તે પ્રમાણે તે પત્રકમાં મારો પગાર દિવસ આઠનો થાય તેને બદલે પુરા માસનો અને ર૫ ને બદલે ૩૦ કોરી આપી અને મારું કુટુંબ રાજી થયું. અમારો નિર્વાહ ખૂબ આનંદથી ચાલવા લાગ્યો. ચાર માસ પછી પગાર કોરી ૩૫ પોતે કરી આપી. ૧૯૫૪ના આષાઢ માસમા પૂ. પિતાશ્રી દેવલોક થયા. તેથી અમારા કુટુંબ પર મોટું દુ:ખ આવ્યું. અમારું ગુજરાન મારા પગારમાથી ચાલતું હતું. અમારા પૂ. પિતાશ્રીએ અમારી બેનના લગ્ન પ્રસંગે કે બીજા કારણે કોરી ૩૦૦ અને ૫૦૦ એમ કોરી ૮૦૦ અમારા બનેવી શા અનોપચંદ ગોપાલજી પાસેથી અમારી જગ્યા ઉપર ઉપાડેલ, તે કોરી હમણાંજ ભરી, જગ્યાના દસ્તાવેજ પાછા લાવવા અમારી માતાજીની મરજી થઈ. એટલે પગનાં કડલાં વગેરે વેચી અમારા માતુશ્રીના કાકા જેઠાભાઈ શીવજીને કહી તે પતાવટ કરી આપવાનું કહ્યું. તે પ્રમાણે તેમને કોરી આપી દસ્તાવેજ ઘરમાં લીધા. તેથી

અમારા માતાજીને શાંતિ થઈ. આવો કસોટીનો ટાઈમ અમારા કુટુંબનો હતો. છતાં અમારા ઉપર એક પાઈ કરજો અમારા માવિત્રો મૂકી ગયા નથી. જગ્યા રહેવાને રાખી ગયા છે. આ બધા ટાઈમનો વિચાર અને વાતો યાદ આવે છે, અને તેઓનું જીવન આદર્શ અને અનુકરણ કરવા જેવો છે. હવે નાતના રિવાજ પ્રમાણે પૂ. પિતાશ્રીનો પરો જણ નાતમાં બધાનાં થાય ત્યારે કરવો જોઈએ. તે ટાઈમ શિયાળામાં આવ્યો. અમારા માતાજી કહે આપણે એક દિવસ બધાનું હોય તે દિવસે નોતરાં ફેરવી આપવા. તે દિવસે ૨૫ થી ૩૦ ઘરે જમવાનું હોય, તે સારા ઘરે જમવા નાત જાય. અમારે ત્યા થોડો ભાર બનાવ્યો હતો. ઘરનાં માણસ સિવાય કોઈ જમવા આવ્યા નહિ. ખરચ કોરી ૪૦૦ આસરે નાતમાં જમણ લાવવામાં ખપી. અને સમાજના રિવાજ પ્રમાણે ફરજ ઉતરી ગઈ. આ પ્રસંગે કોરી ૧૨૫ પાઘડીની શેઠ માવજીભાઈએ આપી. તથા કોરી ૨૫ માવજીભાઈના શેઠ સોની શામજી મકનજીની વિધવા બાઈએ આપી. પાઘડીનો રિવાજ ૫-૧૦-૧૫ કોરીનો હોય અને મને આટલી ઉદાર ભાવથી અમારા શેઠે પાઘડી આપી. માતાજી ઘણા રાજી થઈ ગયા અને ‘‘આ નોકરી દિકરા મૂકજે મા’’ એમ કહ્યું. શેઠ માવજીભાઈની નોકરી શરૂ કરી ત્યારે જૂના શેઠ જેઠાભાઈનો રાતની વખતે માસિક કોરી ૭ાના પગારથી નામું લખવા જતો. તે ૨ થી ૩ માસ ચલાવ્યું. પણ રાતનાં માવજીભાઈને ત્યાંથી વહેલો ઉઠતો તે તેમનો રાજીપો મોડો ઉઠવામાં હતો, તેથી તે કામ મૂકી દીધું.

મારા જીવનનો પલટો માવજીભાઈને ત્યાં નોકરી રહેવાથી થયો. એમના સત્સંગથી ઘણો લાભ થયો. તેઓનો બોધ હંમેશા પ્રમાણિકપણા ઉપર ખાસ હતો. પોતાનો ઉપરી કામ જોવાવાળો રાજી રહે અને સંતોષ પામે તેમ કરવું. તે સિવાય જીવનમાં ઉપયોગી થાય તેવી ઘણી વાતો સમજવા મળતી. લેણાદેણીનો સંબંધ છે. મારી ઉમર ૧૪થી ૧૫ વર્ષની હતી છતા પણ દરેક કામમાં મારી સલાહ લેવા લાગ્યા અને હું જે વાત કરું એ તેઓને ગમતી. જરા રાતના તબિયત ઠીક ન હોય તો સવારના વહેલો માણસ બોલાવવા આવે, અને વાતચીત કરી દવા લાવી આપું, તેથી તેઓને સંતોષ થતો. ત્યાં દરરોજ સવારે જવું, કારખાનાને લગતી તમામ ચીજો લાવવી, સોના-ચાંદી વગેરે બજારમાંથી ખરીદ કરવું. એમના શેઠ શામજી મકનજીની વિધવાનો તમામ ઘર વગેરા, નામાનો કામ કરવું. કારખાનાનું નામો હિસાબ, સોના-ચાંદીનો હિસાબ રાખવો. દરેક મહીને બેલેન્સ મેળવવું, ઉઘરાણી કરવી. દરેકના આંકડા દરરોજ તૈયાર રાખવા, દરેક મહીને પોતા મેળ કાઢવો વગેરે તમામ ઝીણું જાડું કામ કરવું. પારસલો સીવવા કરવા જેવું બધું કામ કરતો. તેથી શેઠ માવજીભાઈની પ્રીતિ મારા પર વધતી ગઈ. મારી માંગણી વગર ૩૫ થી ૪૦ થી ૫૦ અને છેવટે ૬૦ કોરી કરી આપી. આ પગાર તે ટાઈમે દેશમાં બહુ સારો ગણાતો. મારી ૧૬ વર્ષની ઉમરે તે બહુ ઘણો કહેવાતો. મારી જન્મ પત્રિકા વિશે અહીં જરા કહી નાખું. સંવત ૧૯૫૩ કે સંવત ૧૯૫૪માં મારા જૂના શેઠ જેઠાભાઈના ભાઈ પરશોતમભાની દાંડા બજારમાં દુકાન હતી. તેઓ જન્મોત્રી સારી જોઈ જાણતા હતા. જેઠાભાના કહેવાથી તેમની સાથે એક દિવસ લઈ ગયો. તેમણે જોઈને કહ્યું કે ઘણા સારા ગ્રહો છે. આ મંગલની દશામાં સગપણ થવું ખપે, અને પછી બુધની દશા બહુ સારી છે. મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે મારું સગપણ થાય. સંવત ૧૯૫૬ની સાલમાં સગપણ માટે કહેણ આવ્યા. મારી માતાજીનું કહેવું થયું કે જરૂર સગપણ કરવું. કાંઈ પૈસાની ખાસ સગવડ નહિ, છતાં તેમની હિંમત કે થોડામાં પતાવશું અને બીજા પાસેથી ઉધારી લાવીને પણ કામ કરશું એ પ્રમાણે સગપણ કર્યુ અને બધું પોતે ઉધારી ૩ થી ૪ જગ્યાએથી ઉધારી લાવી એ કામ પૂરું કર્યુ. શેઠ માવજીભાઈ પાસે પણ વાત કરી હતી. ૧૨૦૦ થી ૧૫૦૦ કોરી સુધીની માગણી કબૂલ રાખી હતી. પણ પરદેશ જવું પડે તો તેમનો કરજો ઠીક નહિ. તેથી તેમની પાસેથી

એક પાઈ પણ લીધી નહિ. શેઠ માવજીભાઈએ કહ્યું કે "કેમ કોરી લેતો નથી?" ત્યારે કહ્યું કે "કામ પતી ગયું છે હમણા જરૂર નથી. જરૂર પડશે ત્યારે વળી લઈશ."

આ બધી વાતો મનની સાચી ભાવના ઉપર છે અને સાચી દાનત તથા ભાવના સાચી હોય તો કુદરત મદદ કરે છે. મારા લગ્ન ૪થી ૫ વરસ પછી થાય તેવી ઉંમર હતી પણ તે ટાઈમ આવે ત્યારે લગ્નનાં ખરચા તથા કરજો કરેલ તે ભરવું તે માટે પરદેશ જવું જોઈએ. તે વિચાર પર આવી શેઠ માવજીભાઈ પાસે વાત કરી. એઓશ્રીની ભલી ભાવના એટલે કહ્યું કે "અહીં પણ ચાનસ મળી જશે, ઉતાવળ નહિ કર." મે કહ્યું "મને અહીં પગાર પૂરતો છે, પણ મારા ઉપર કરજ આવવાનો છે, તેથી પરદેશ જાઉં. વખતે કયાંક થાક લાગી જાય." ત્યારે તેમણે કહ્યું કે "૨ થી ૪ મહીના તારા ભાઈ કરમચંદને તૈયાર કરી લે તો હું તેને રાખીશ અને પછી જઈશ તો તેને ઠીક થશે." આ તેમનો મારા તરફ સાચો ભાવ હતો. ૨ થી ૪ મહીના તેમ કરવા પ્રયાસ કર્યો પણ ભાઈ કરમચંદ તૈયાર થયા નહિ. તે દરમ્યાન હાથરસથી ઠા. રૂપશી માધવજીના મુનીમ શા મુળજીભાઈ મંગળજીનો મેતા મુરજી રામજી ઉપર કાગળ આવ્યો કે એક માણસની અમારા શેઠને અમારી વખારમાં હાથરસ માટે નામાના કામ માટે જરૂર છે. મુરજીભાઈ રામજીએ મારાથી વાત કરી રૂપિયા ૨૦૦ વરસનો પગાર મળતો હોય તો જવા કબૂલાત આપી. ત્યાંથી મોકલવા માટે જવાબ આવ્યો.

શેઠ માવજીભાઈને વાત કરી કે "આ પ્રમાણે નોકરી છે. માટે રજા આપો તો પરદેશ જાઉં." તેઓશ્રીએ બીજા માણસની ગોઠવણ કરી, અને ભાઈ કરમચંદને પાછળ શીખવીશ અને તૈયાર થશે તો એને જરૂર રાખીશ અને મને જવા માટે આજ્ઞા આપી.

હું સંવત ૧૯૫૭ માં ફાગણ વદમાં ભુજથી હાથરસ જવા માટે રવાનો થયો. રવાના થતી વખતે હું શેઠ માવજીભાઈને પગે લાગવા ગયો ત્યારે મને ૨૦ કોરી આપી અને આશિષ આપી કે "મને જેવો સંતોષ આપ્યો છે તેવો પરમેશ્વર તને પરદેશમાં આપે એવા મારા આશિષ છે." તેઓના અંત: કરણના આશિષથી મારી દિવસો દિવસ ચડતી થતી આવી. વળી તેઓએ કહ્યું કે "તારી માતાજીને કહેજે કે પાછળ ખર્ચ ખપે અથવા કાંઈ કામકાજ હોય તો અહીં કહી મોકલે" તે પ્રમાણે પાછળ અવારનવાર માણસ મોકલી પૂછા કરાવતા હતા.

હું ભુજથી ખારીરોહર રસ્તે વહાણમાં વવાણીઆ ગયો. સંવત ૧૯૫૭ માં ફાગણ વદમાં મેં દરીયાનો કાંઠો કે રેલ્વે જોઈ ન હતી. પણ પૂછતાં પૂછતાં છેવટે હાથરસ સ્ટેશન ઉપર પહોંચ્યો. અગાઉથી પત્ર મુરજીભાઈને લખેલ પણ રસ્તામાં રીક્ષામાં બેસવાથી ૧ થી ૨ દિવસ વધુ લાગ્યા. તેથી સ્ટેશન ઉપર માણસ કોઈ હતો નહિ. સ્ટેશન ઉપર રૂપશી માધવજીની વખારની પૂછા કરી, તો કહે "હા, મુરજીભાઈની કોઠી છે. મે ં કહ્યું કે કોઠી નહિ એની વખારે જવું છે. હિન્દુસ્તાનમાં વખાર કે ઘરને કોઠી કહે છે. હું ત્યાં પહોંચ્યો. હાથરસમાં ભાષા હિન્દુસ્તાની, તે બોલતાં આવડે નહિ. પૂરી સમજાય નહિ. ત્યાં નામાનું કામ શરૂ કર્યું. સવારના ૭ થી રાતના ૧૦ થી ૧૧ વાગ્યા સુધી નામું કરવું પડતું હતું. બીજા હિસાબ કિતાબ ઉપર પણ ધ્યાન આપતો હતો. ૨ થી ૩ માસ પછી રોકડમાંથી રૂપિયા ૨૫ ઘાટી થઈ. રોકડ બીજા પાસે હતી પણ તે રૂપિઆનો વહેમ મારી ઉપર હશે તેની મને ખબર જ નહિ. હું ભુજથી રવાનો થયો, ત્યારે ખરચી માટે રૂપીયા ૨૦ આશરે લીધા. તેમાંથી હાથરસ પહોંચતા ખરચ રૂપીયા ૭ા થી ૮ થયા. બાકી વધ્યા હતા. તેમાંથી એકાદ જોટો ધોતીયા અને ૨ પહેરણ કરાવ્યા. એક દિવસ મુરજીભાઈએ મને કહ્યું આ રૂપિયા કયાંથી કાઢયા ? તેથી મને બહુ જ દુ:ખ લાગ્યું. મારી આંખમાંથી પાણી બંધ થાય નહિ. પછી થોડા વખત બાદ મને કહ્યું કે હુ તો સહેજ

હાંસીમાં પૂછું છું. હું કંઈ બોલી શકયો નહિ. પણ મને તે વાતનો ઘણું જ દુઃખ લાગ્યું. આવું મોટું કલંક મારાથી સહન થયુ નહિ. મારી ગરીબાઈની સ્થિતિ છતાં એક પૈસો પણ અનીતિનો ન ખપે. વળી ૧ પૈસાનો પણ મારે ફાલતુ ખર્ચ નહિ. અને પૂ. માવજીભાઈના સત્સંગથી પ્રામાણિકતા ઉપર મને બહુ વિશ્વાસ. હું નોકરી મૂકીને પણ કયાં જાઉં ? તેથી મનમાં આઘાત લાગ્યો છતાં ગુપચૂપ કામ કરવા લાગ્યો. નોકરી મુકી જવામાં બીજો કોઈ આસરો નહિ. આ દુઃખદ ઘટના મને હંમેશાં યાદ રહેશે.

ભાઈ મુરજીભાઈ ઘણા લાયક અને પ્રમાણિક માણસ હતા. બહુ સારી નામના હાથરસમાં કાઢેલી. મારા તરફ સારો ભાવ છતાં મને એટલું કષ્ટ સહન કરવાનું હશે, તેથી તેમ થયું.

પાંચથી છ માસ પછી મને ડીભાઈ મોકલ્યા. ત્યા ૧થી ૨ માસ રહ્યો. માલની ખરીદી કરી અનાજ વિગેરે સ્ટોક રાખ્યો. ત્યાથી હાથરસ આવ્યો. ૨ થી ૩ માસ પછી સંવત ૧૯૫૮માં શરૂઆતમાં હું સાગર ગયો. ત્યાં બિહારીલાલ પરમાનંદની આડતમાં ગીરતની ખરીદી કરવાની હતી. હું રૂપશી માધવજીની વતી ત્યાં ગયો અને ઠા. કાનજી મથરાદાસ તરફથી મથરાદાસ કરીને હતા. એક મકાનમાં બંનેની સાથે ખરીદ થતી. ગીરતનાં કામ કરવાવારાની નોકરી મજમુમા હતી. ગીરતનું કામ કરનાર એક જણ રસોઈ કરી આપતો હતો અને અમે બંને જણ જમતા હતા. ત્યાંથી ગીરતના કામથી માલ પારખવાથી તથા તોલ ત્યાં ખોલી કાઢવાનો (એટલે ઘીના કડદાનો ટચ) રીવાજ. તેમાં હોશિયારી ખપે નહિ તો ઉતારો ઓછો આવે. પછી હું ખરીદ તોલ હિસાબ પોતે કરવા લાગ્યો. ભોજન ખરચ માસિક પા થી પાા આવવા લાગ્યો. અગાઉ શેઠના ચોપડામાં રૂા. ૧૦ લખાતા હતા. પણ મારે તો ખરચ આવે તે લખવાનો હતો. સાથે રહેનાર માણસને દુ:ખ લાગ્યું પણ મારે અનીતિની એક પાઈ ખપે નહિ. ત્યા થોડા મહીના ગયા પછી સારી જમાવટ તથા બીજાઓથી દોસ્તી થઈ ગઈ. એટલે ત્યાં આનંદ આવવા લાગ્યો. માલ ખરીદ કરી મુંબઈ કલકતા રવાના કરતાં. પછી ત્યાંથી ગુના વિગેરા તરફથી ૧૫ના ભાવ હોવાથી ત્યાં પણ જઈ ખરીદ કરી લાવતા અને કામ ઠીક ચાલતું. સાગરમાં તે વખતે નોકરનો પગાર માસિક રૂા. ૪ થી ૫ હતો. ગીરતનો મોટો તવઈયો હાથરસથી બોલાવેલ એનો પગાર રૂા.૯. કામ સવારથી રાત સુધી તોલવાનું, ગીરત તાવરાનું ભરવાનું, ગીરત જમાવવાનું વળી રસોઈ કરવાનું પણ કામ કરતા. તે વખતે ગીરત બંગાળી મણ ૧ ના રૂપીયા ૨૫, ઘઉં બંગાળી ૧ રૂા. ના ૨૦ શેર. દૂધ રૂા. ૧ નો ૧૪ થી ૧૬I શેર એટલે દરેક જણ બહુ સુખી હતા. શાક પાન સસ્તાં. ચલણ ધમરી ૧ પૈસાની ૪ થાય. તે કોડી ૧ ધમરીની ૧૮ ચાલતી. એક પૈસામાં ચાર ચીજ લઈ શકતા. પાન ૧ પૈસામાં ૭૫ થી ૧૦૦ મળતા. ૧ પૈસાના પાનથી ટોકરી ભરી રાખી હોય તો દલાલો વગેરા જે આવે તેને છૂટ. ગાય રાખી હતી. તેનો ખરચ તો અઢી આના રોજ આવતો હતો. વેપાર દરેક જણ પોતાના ગજા પ્રમાણે કરતા અને ચાલુ પોષાણ હોય જ. કરેલા માલની ખરીદ કરવા માણસ મૂકેલ ત્યા આંટો દેવા ગયો. કંપનીમાં રૂા. ૨૦૦૦ની હૂંડી વેચી રોકડા રૂા. ઉપાડયા. રાતના ૭ વાગ્યાની ગાડીમાં રવાના થઈ ૧૦ વાગે જબલપુર પહોંચ્યા. ત્યાંથી ગાડી બદલવાની હતી. ૨ કલાક સ્ટેશન પર બેસવાનું હતું. રોકડની કોથળી બિછાનામાં બાંધી હતી. તેથી મુસાફરખાનામાં બિછાના ઉપર બેઠો હતો. ગાડી આવી તેમા બેસી, કરેલી રાતના ૩ વાગે પહોંચ્યા. સ્ટેશને મજૂર નહિ. સ્ટેશનથી ગુના ૧ માઈલ છેટે. પેસેન્જર થોડા ઉતર્યા તે પોતાનો સામાન પોતે ઉપાડી ચાલવા લાગ્યા. મારે પણ મારો બિછાનો કોથળી સહીત ઉપાડી ચાલવું પડ્યું હોવાથી એકલો મુશ્કેલ તે ઉથલ પાથલ કરતો છેવટ ગુના પહોંચ્યો. આડતીઆને ઉઠાડી અંદર જઈ રૂા. આપ્યા. રૂા. ૨૦૦૦ની રોકડ લાવવાથી

રૂા. ૧૦નો ફાયદો હુંડિયામણમાં થયો. આવી રીતે શેઠના ઘરમાં ફાયદો થાય એમાં પોતે પોતાની મરજીથી કરવાનું હતું તેમાં જાણવાનું સમજવાનું મળતુ. હું સાગરમાં પહોચ્યો પછી થોડા મહિના બાદ શેઠને પગાર વધારવા પત્ર લખ્યો. જવાબમાં શેઠનો પત્ર આવ્યો કે પહેલા વરસમાં તમારા રૂા. ૧૭૫ લઈ જમા કીધા છે. આ વરસે રૂા. ૨૦૦ આપશું. આવો જવાબ આવવાથી મને દુઃખ થયુ. ૨૦૦ ઠેરાવીને આવેલ. તેના ૧૭૫ જમા કર્યા અને વધારાને બદલે ૨૦૦ આપશું તે વાત હાથરસ મુ. મુરજીભાઈને લખી. મુરજીભાઈનો કાંઈ જવાબ ખાસ કંઈ સંતોષ થાય એવો આવ્યો નહિ. એના મનમાં હશે કે પછી શેઠને સમજાવશું. મને તે વાત ઠીક લાગી નહિ. એટલે સાગરમાં જ શેઠ વલભદાસ પાસે રૂા. ૨૫૦ પગાર ઠેરાવી વાત કરી. અને મુંબઈ શેઠને લખ્યું કે તમારો બીજો માણસ મૂકજો. હું નોકરી કરીશ નહિ. હાથરસ મુરજીભાઈને સાચી હકીકત લખી. કારણ મને તેઓએ બોલાવેલ. પછી મુરજીભાઈનો પત્ર આવ્યો કે આવી રીતે કરીશ નહિ. હું શેઠને લખું છું. શેઠને લખ્યું અને મને રૂા ૨૦૦ અને બીજા વરસે રૂા. ૨૨૫ આપવા લખ્યું. મારે મુરજીભાઈ માટે ખાસ તે કબુલ રાખવું પડયું. ત્યાં ૧ાા વરસ રહેવાનું થયું હશે. પછી કલકતાનો માણસ દેશ જવાનો હતો. અને મને ૨ માસ માટે કલકતા જવા હુકમ થયો. મને સાગરનું સુખ મુકી ત્યાં જવા ગમ્યું નહિ પણ નોકરી હોય એટલે શેઠ હુકમ કરે ત્યાં જવું પડે. મારા નાના ભાઈ કરમચંદને તે અગાઉ ૩ થી ૪ માસ પહેલા શેઠની પરવાનગીથી સાગર કામ શીખવા બોલાવી લીધા હતા. એને સાગર મૂકી મારે કલકતા જવું પડયું. કલકતા જવા મૂરત જોવડાવ્યું. એક પંડિતે પ્રશ્ન લઈ કહ્યું કે કલકતાથી પાછો સાગર આવી શકશો નહિ. અને કલકતા બહુ લાભદાયી થશે. મારા મનમાં હતું કે સાગર હું જલ્દી આવું તો સારૂં. પણ કુદરતે જયોતિષનું વચન સાચું કર્યુ. ફરી સાગર જવાણું નહિ. આવા પ્રશ્ન લેનાર પણ મળી જાય છે. સંવત ૧૯૫૯ના ચૈત્ર વદ ૮ના કલકતા આવ્યો. અમારા શેઠ રૂપજી માધવજીની વતી દુલજી હતા. તે સ્ટેશન ઉપર લેવા આવ્યા હતા, અને અમરચંદ માધવજીની આડતમાં અમારું કામ હતું. ત્યા ઉતર્યા. જમવાનું સુવાનું તેમને ત્યાં હતું. અમારા શેઠનું કામ તેમને ત્યા પાકા ચોખા તથા બારદાનનું કામ નાના પ્રમાણમાં હતું. વરસના આશરે રૂા. ૫૦૦ કમિશન થતું હતું. ગીરત હાથરસ તથા સાગરથી આવતો, તે કામ મારવાડી પુરણકર નવીનરામને ત્યાં હતું. થોડા દિવસ ભાઈ દૂર્લભજી મારી સાથે રહી કામ દેખાડી સમજાવી મને સોંપી તે રવાનો થયો. હું તદન નવી અંગ્રેજી એ. બી. સી. ડી. પણ જાણું નહિ. રસ્તા ભૂલી જવાય. કોઈ જાણ પિછાણ નહિ. આસ્તે આસ્તે અનુભવ મળતો ગયો. બારદાન હેશીયનમાં ઘણી જાતો. તે ઘડ બેસે નહિ. પણ મુરબ્બી હંસરાજ ભાઈલાલ ઠકકર ગાંગજી મનજી સાથે દલીલ કરતા હતા. તે દરરોજ ટાઈમો ટાઈમ ખબર આપે ભાવ લખાવે, મુંબઈ કરાંચી કાગળમાં લખવા જેવું લખાવે. તેથી માહિતી થતી આવી. થોડું થોડું બારદાનનું કામ વધતું આવ્યું અને નફો પણ થતો આવ્યો. તેથી શેઠનો ભાવ મારા તરફ વધવા લાગ્યો.

નીચેની વાત લખવા જેવી નથી છતાં કસોટી હતી તેથી લખ્યું છે. અમારા શેઠનો માણસ દુર્લભજી મોઢ હતા. તેમને કહયું કે જમવાનું કોના સાથે રાખશો. નવનાતમાં તેમજ પજોષણ જન્માષ્ટમીનાં બગીચા થાય તેમાં ગુર્જર વીશા ઓશવાળ મળતા હતા. તેથી મેં તેમની સાથે જમવાનું કર્યુ. બીજા કચ્છી વીશા ઓશવાળ તથા દશાનો ચોકો હતો. પરદેશમાં તે ટાઈમે કાઠીયાવાડનાં અને ગુજરાતનાં તેમની સાથે પંગતમાં બેસી જમતાં નહિ. તે વાત પણ હાથરસ સાગરમાં જમણ થાય ત્યારે મારી જોયેલી હતી. હવે મેં તેમની સાથે જમવાનું કર્યું તેથી કચ્છી મારા તરફ અભાવથી વરતવા લાગ્યા. દેશમાં કે બીજે એક બીજાના ઘરે જમતા તે પણ હું જાણું છતા મારે નવનાતની રીતનો સંબંધ મૂકવો તે

ઠીક નહિ. તેથી તે વાતની હંમેશા મને તકલીફ થવા લાગી. કારણ મોટા આડતીયા તે લોકો હતા. અમરચંદ માધવજીની પેઢીના ભાગીદાર અને મુનીમ ઠા. જેઠાભાઈ ભુલચંદ ઘણા હોંશીયાર. પણ તે લોકોની સારી કમીશન થાય એટલે બહુ જોરથી બધાને દબાવી રાખતા. મને જમવા વગેરેમાં તકલીફ  થવા લાગી. છતાં હું મૂંગે મોઢે સહન કરતો હતો. ત્યા વળી ગુના શ્રી માલશી તેજશી રંગુન જવા માટે કલકતા આવ્યા. તેમને ત્યાં ગુનામાં હું જમ્યો હતો. તેનાથી જુદા જમવાનું અહી મારે હતું. મારો જાણીતો હતો. તેને તે લોકો પાસે વાત કરી કે મારે ત્યાં જમ્યા છે તે વાત હું જેની સાથે ચોકામાં જમતો તેને એ લોકોએ કહી. તે લોકો મારાથી બોલવા લાગ્યા. અને મને સાથે હવે  નહિ જમાડીએ એમ કહ્યું. મારે હવે એકલે લાકડો આડો રાખી જમવાનું કરવું પડયું . તેથી કચ્છી લોકોનું મન રાજી થયું. કારણ ત્યાંથી મને જુદો કરાવ્યો. હું તે પ્રમાણે ચલાવતો હતો. થોડા મહીના પછી દશા સોરઠીયા પ્રેમચંદ કરશનજી સાથે જમવા આવ્યા. તેણે મને જુદો જમતાં જોઈ કહ્યું કે આમ બને નહિ. તેથી પાછો નવનાતમાં જમવા લાગ્યો. આ પ્રકરણ ઘણા મહિના સુધી મને અગવડમાં નાખ્યો હતો. પણ ધીરજથી સહન કરતો આવ્યો. પછી એકાદ વરસે મારાથી વિરુદ્ધ કચ્છી વરતતા હતા તે દોસ્ત થવા લાગ્યા અને છેવટે બધા મારી તરફ પ્રેમભાવ રાખવા લાગ્યા. અને મને મારા જીવનવિકાસમાં છેવટ સુધી બધા મદદ કરવા લાગ્યા. આ ઈશ્વરની કૃપા અને સહનશકિતનું ફળ હશે. કલકતામાં આવ્યા પછી દોઢથી બે મહીના પછી મને તાવ આવવા લાગ્યો. ઘણા દિવસ તાવ આવ્યો. કોઈ મદદ કરનાર નહિ. સુવાની જગ્યા મળે નહિ. પેઢીનો એક રૂમ જેમાં બધાનાં ગાદલાની થપ્પી  રહેતી. ચાર થપ્પી ઉપર દિવસના સુતો. રાતના બિછાનું થાય ત્યારે તેના ઉપર સૂતો. તે વખતે કોઈ સાથે દોસ્તી નહિ. એટલે ઠીક ઠીક કષ્ટ ભોગવ્યું. છતાં ભાગવાની વાત કરી નહિ. કારણ પાછો રસ્તેથી ઉતરી જાઉં તો ચડાવે કોણ ? તેથી સહન કરતો ગયો. ઈશ્વરકૃપાથી ૧૫ થી ૨૦ દિવસે તાવ ઉતર્યો. તે કેવો તાવ હતો તે ખબર નથી. સાધારણ દવા લેવાથી ઠીક થઈ ગયો.

હવે અમારું કામ ઠીક થવા લાગ્યું. કમિશન પણ વધવા લાગ્યો. શેઠ જેઠાભાઈની પ્રીતિ પણ આસ્તે આસ્તે થવા લાગી. બજારની ખબરો રૂખ, કામકાજ, ભાવતાલ બધા રિપોર્ટ ધોરણસર રાખવા લાગ્યો. તાર કરવા પડે તે જાણું નહિ. તેથી એ.બી.સી.ડી. શીખી લીધી. પછી અક્ષર શીખી લીધા અને તારનાં ચાલુ વર્ડ આવે તે જુદા બુકમાં લખી લીધા એટલે તાર પોતાની મેળે લખી મોકલવા લાગ્યો. તેથી મારા તાર બીજા કરતા મુંબઈ કરાંચી પેલા જવા લાગ્યા. એટલે ત્યાં મારી કિંમત વધવા લાગી. આસ્તે આસ્તે અમરચંદ માધવજીવાળાના આડતીઆના તાર પણ મુરબી જેઠાભાઈના કહેવાથી લખવા લાગ્યો. જેઠાભાઈની પ્રીતિ વધી ગઈ. કામકાજ લે-વેચ કરે તેમા પણ મને પૂછવા લાગ્યા. મારા કહેવાથી લેવા વેચવાનું કરવા લાગ્યા. દલાલો પણ મારી  પાસે વધારે આવવા લાગ્યા. દલાલોની દલાલી ઘણી સારી થવા લાગી. મારો પગાર વરસ ૧ ના રૂા. ૨૫૦ શેઠ તરફથી થયો પણ દલાલો પાસે દલાલીમાં આશા રાખવી કે એ તરફ દષ્ટિ અથવા જૂઠું ખાવામાં કોઈ તરફ ભાવ પણ થયો નહિ. પણ ઘણા અડધી દલાલી લેતા પણ મેં કામ કર્યું ત્યાં સુધી મને તેવી હરામની પાઈ તરફ લક્ષ થયું નહિ.

સંવત ૧૯૬૦ અને સંવત ૧૯૬૧ની સાલમાં કલકતાના વેપારમાં અમારા શેઠને મારા હસ્તે રૂા. ૨૦ થી ૨૫ હજાર દર વરસે નફો થતો. તેથી ભાગીદારોનો ભાવ પણ મારી તરફ વધવા લાગ્યો. અમારા શેઠીયાઓ બહુ જ કસીકસીને થોડો વેપાર કરતા. પેઢી ઘણી જૂની હતી. કેપિટલ વધારે નહિ પણ સામું મજૂરીનો ધંધો ઓછો. વેપાર તેથી આંટ ઘણી સારી હતી. મને મુંબઈથી શેઠનું લખાણ આવે કે ૧૦૦ થી ૨૦૦ રૂા.નું જોખમ રાખો. બારદાનના વેપારમાં

૫૦૦૦ રૂા.નું જોખમ સહેજ થઈ જાય. શીપમેન્ટનો કામ હતું તથા થોડો વાયદાનો પણ કરતા. પણ ઈશ્વરકૃપાથી નફો થતો આવ્યો એટલે શેઠ કંઈ બોલતા નહિ. પણ કાગળમાં લખાણ તો ૧૦૦થી ૨૦૦ રૂા.નું જોખમ રાખવાનું જ હોય. ૧૯૬૧ની દિવાળી ઉપર મારે દેશ જવાનો વિચાર થયો. મારી ઈશ્વર પાસે દેશથી રવાના થતી વખતે માગણી હતી એટલો વધારો થઈ શકયો હતો. શેઠે થોડા દિવસની રજા આપી. હું મુંબઈ ગયો. અમારા ભાગીદાર પાસે ઉતર્યો. તે વખતે ત્યાંના ૩ ભાગીદાર હતા. અમરચંદભાઈ, માધવજીભાઈ અને રણછોડદાસભાઈ. હું મુંબઈ પહેલી જ વખત ગયો. ભાગીદારોને પણ પહેલી જ વખત મળ્યો. મારા તરફ બધાનો બહુ ભાવ હતો. ત્યાંથી દેશ ગયો. રૂા. ૧૦૦ શેઠે પાઘડીના આપ્યા. પગાર વરસના રૂા. ૩૦૦ જમા કીધા. દેશમાં ૧૫ થી ૨૦ દિવસ રહ્યો. મારા સગપણ ટાઈમે ઉધારી લીધેલી રકમ બધાને ચૂકવી દીધી. દેશથી રવાના થઈ મુંબઈ આવ્યો. મુંબઈમાં શેઠ પાસે ભાગની માંગણી કરી પણ ભાગ રાખવા શેઠ રાજી થયા નહિ. પણ પગાર રૂા. ૫૦૦ કરી આપ્યા. મુંબઈમાં બીજા બારદાનના વેપારી મને ભાગ આપવા તૈયાર હતા. પણ અમારા મુરજીભાઈ જેમણે મને હાથરસ બોલાવ્યા, ૧૩ વરસથી ભાગીદાર થયા હતા અને એક વરસ ભાગીદાર રહી સંતોષ વારવાના હતા. તેમના આગ્રહથી પગાર મંજૂર રાખ્યો અને આવતે વરસે ભાગ આપવાની વાત નકકી થઈ. મુરજીભાઈ ધર્મચુસ્ત અને શ્રાવક હતા. તેમને રૂા. ૧૦૦૦૦ થી વધારે પૈસાનાં નીમ હતા. અને ૩ વરસમાં તેમના નસીબે તેટલા રૂપીયા તેઓને મળી ગયા. એટલે ૧૯૬૨ની દિવાળી પછી તે છૂટા થયા. શેઠીયાએ ઘણો ભાગ રાખવા આગ્રહ કર્યો. એક વરસ ચલાવો. પણ તેમણે કહયું કે મારે ભાગ ખપે નહિ એક વરસ તમારો આગ્રહ છે તો હું હાથરસમાં તમારું કામ કરીશ અને તે પ્રમાણે ત્યાં ગયા. તેમને બે છોકરા હતા, તેના સગપણ વગેરે કરે તો તે રકમમાં શું થાય ? પણ તે તો બહુ જ નિશ્ચય મનવાળા. તેથી પોતાની મરજી પ્રમાણે ભાગ કઢાવી નાખ્યો અને ૪ થી ૬ મહીને હાથરસમાં મુરજીભાઈ દેવગત થયા. આવા સચોટ નિયમ પાળનાર વિરલા નીકળે છે. તેમણે હાથરસમાં બહું સારું નામ કાઢયું હતું. ૧૯૬૩થી મારું થયું. કલકતામાં વેપાર ઠીક ચાલવા લાગ્યો. રંગુનથી ચોખા કલકતા આવવા લાગ્યા. તે કામ પણ ચાલુ હતો. તેમા પૈસાની રોકાણ સારી થાય. અમારા શેઠ એવી રોકાણ કરી શકે નહિ. પણ શેઠ અમરચંદ માધવજીની રંગુનની વખારેથી ખરીદ કરી જતા અને કલકતામાં મંગાવી તેમને ત્યાં વેચતા. એટલે પૈસા તેઓ રોકતા. તેમા પણ લાભ ઠીક થયો.

હું લગ્ન કરવા દેશ સંવત ૧૯૬૩ની સાલમાં કારતક માસમાં ગયો. મુંબઈના શેઠ રૂપજી માધવજીની પેઢીના માલિક શેઠ જીવરાજભા તેમના જમાઈ થાય. એ મુંબઈ જ હતા. તેમની પેલી મુલાકાત હતી. તેઓ પણ મારા તરફ સારો ભાવ બતાવતા હતા. દેશ જવા વખતે લગ્નપ્રસંગે સારી પાઘડી આપી. મારા ભાઈ કરમચંદનું સગપણ પણ કરી લીધું હતું. તે હાથરસમાં રૂપજી માધવજીને ત્યાં નામાનું કામ કરતા હતા. એ પણ ભુજ આવ્યા. અને ૧૯૬૩માં માગસર વદ ૯ના અમારા બંનેના લગ્ન એક જ મિતીના થયા. બંનેના લગ્ન સુધીનો ખરચ થયો તેટલો વધારો કરી શકયા હતા. એકાદ માસ પછી કલકતા જવા માટે મુંબઈ આવ્યો અને શેઠને મળી કલકતા રવાના થયો. ત્યાં કામકાજ ઠીક ઠીક ચાલતું હતું.

કલકતામાં મારી દોસ્તી મોટી ઉમરવાળા સાથે થતી આવી અને મને લાગે છે કે તેથી મને મારા જીવનમાં ઉપયોગી થઈ. હું તો દરેક જણને મોટાઓથી દોસ્તીમાં રહેવાય તો વધારે તેમના અનુભવોનો લાભ મળે. શેઠ અમરચંદ માધવજીની કંપનીના મુખ્ય ભાગીદાર જેઠાભાઈ ભુલચંદે કંપનીનું નામ ખુબ વધાર્યુ. કમિશનનું કામ ઘણું

હતું. નાણાંની છૂટ બહુ ઘણી. આડતીઆઓને લાખો રૂપિયા ધીરતાં હતા. કમિશનનું પ્રમાણિક રીતે કામ હતું. આડતીયાની ભૂલથી એક પાઈ પણ પોતાનામાં ન આવે એવી ભાવના હતી. કમિશનનું કામ કરનાર વેપારી પ્રમાણિકપણે કામ કરે તો તેનું કામ ખૂબ વધી શકે પણ ધીરજ અને સંતોષ હોવા ઘટે. જો પ્રમાણિકપણું રહી શકે નહિ તો કમિશનનું કામ કરવું નહિ. મુરજી જેઠાભાઈનું મારા તરફ પ્રેમભાવ દિવસા દિવસ વધતો આવ્યો અને દિલખોલીને મારાથી વાત કરવામાં સંકોચ થતો નહિ. કયાંક હરવા ફરવા જવું હોય તો પણ ઘણીવાર મને સાથે તેડી જતા હતા. તેઓ ઘણા શ્રીમંત હતા. છતાં તેમનામાં સાદાઈ નિરાભિમાનીપણું હતું. સંવત ૧૯૬૮માં ભાઈ કરમચંદને હાથરસથી કલકતા બોલાવ્યો અને મુરબ્બી હંસરાજભાઈ લાલજીના ચિ. પદમશી સાથે પદમશી કાં ના નામથી દલાલી બારદાનની શરૂ કરી. એમાં પાંચ આની ભાગ કરમચંદનો હતો. કામકાજ થોડું થોડું ચાલવા લાગ્યું અને માસીક ૩૫ થી ૪૦ રૂપીયા ભાઈ કરમચંદના ભાગે આવવા લાગ્યા. તેથી સંતોષ રહેતો. ભાઈ કરમચંદ કલકતા આવ્યા અગાઉ આ ગોઠવણ કરી લીધી હતી. સંવત ૧૯૬૪માં હું સઘરો થયો. મારો ખરચ કુટુંબ સીખે શેઠ ઉપર હતો. માસિક ૩૫ - ૪૦થી વધુ ખરચ આવે નહિ તેવી રીતે રહેતો હતો. પછી અમારી માતાજી તથા ભાઈ કરમચંદના કુટુંબને પણ બોલાવી લીધા. બંને ભાઈ અને માતાજી સીખે ૭૫ થી ૮૦ રૂા. ખરચમાં આનંદથી રહી શકતા હતા. કરકસરથી જરૂર રહેવું જોઈએ. પોતાની કમાણીનો વિચાર કરી રહેનારને હંમેશા શાંતિ રહે છે. કમાણીથી વધુ ખરચ કરનારને ખોટાં કામો અપ્રમાણિકપણું કરવું પડે છે. સંવત ૧૯૫૬ના વૈશાખ જેઠમાં મને હાથરસથી પેઢી ઉપર જ મેનેજર તરીકે જવા હુકમ થયો. તેથી કુટુંબ સહિત તથા અમારા માતુશ્રી સાથે કલકતાથી રવાના થયો. રસ્તામાં બનારસ, રતનાપુરી, અયોધ્યા જાત્રા કરી કાનપુરમાં મણશી લખમશીને ત્યાં ઉતર્યા. ૨ દિવસ રોકાઈ ઈટાવા થઈ હાથરસ પહોંચ્યાં. ત્યાં ખાસ અમારૂં કામ ગીરતની ખરીદી, ઘરૂ તથા આડતીયાની રહેતી હતી. પછી કામ આસ્તે આસ્તે વધવાનું શરૂ થયું. ૧૯૬૬માં ખૂબ સારા પ્રમાણમાં આડતીયાનું કામ વધ્યું.

ભાઈ કરમચંદની દલાલી આસ્તે આસ્તે ઠીક થતી ગઈ. તે અવારનવાર કામ થતું તેથી કાર્ટરાઈટ કંપનીવાળાને લાગ્યું કે અમરચંદ માધવજીવાળાની મહેરબાની કામ લાવે છે. એટલે ભા. કરમચંદને કંપનીમાં કામ કરવા માટે પૂછયું. અમોએ મુ. જેઠાભાઈની સલાહ લઈ હા કહી અને બજારમાં કામ લાવે તેમાં ભાગ ચોકકસ થયો. તે પ્રમાણે કામ શરૂ થયું. શરૂઆતમાં માસ ૧ માં રૂા. ૭૫ થયા પછી વધતા ગયા અને મહીને ૨૫૦ થી ૫૦૦ થવા લાગ્યા. પછી ભાગ ન થયા. પછી કરમચંદ એકલા દલાલી કરવા લાગ્યા અને કાર્ટરાઈટ કંપની પાસે જવા લાગ્યો. એ વખતે માલની કાંઈ ખબર લઈ આવે તો તરત અમારી એક આની તથા બીજા આડતીઆઓને ૨૦૦ થી ૪૦૦ ગાંઠનો ઓર્ડર આપતા.

ગીરતની ખરીદી વધી તે પછી અનાજની, રૂની ખરીદી ખૂબ વધવા લાગી. માહ ફાગણથી અનાજના સારા મોટા વેપારીઓને કાગળ પત્ર તથા શાકની સ્થિતિનો, નવો માલ કયારે નીકળશે વગેરા દર અઠવાડીયે કાગળો લખવા શરૂ કર્યા. ચૈત્ર મહીને મોસમ શરૂ થઈ ત્યારે ઘણા વેપારી ખરીદી કરવા અમારી આડતમાં આવ્યા. દરરોજ ગીરતની પણ મોટી ખરીદી સાથે સરસવ અનાજની પણ મોટી ખરીદી આડતીઆઓની ચાલુ થઈ. અમારા શેઠની નાણાની અમોને છૂટ બહુ જૂજ. એમા દરરોજ ૧૦ થી ૨૦ હજારના માલની ખરીદી. દરરોજ રાતે નાણા ચૂકવવા જોઈએ. આ માટે અમોએ ૧ કપાસનો જીનપ્રેસ ભાડે રાખ્યો હતો. એમાં માલ આવે ચડાઈ શરૂ થાય અને સાંજ સુધી ભરાઈ ત્યાં જ

સાઈડાંગના વેગન આવે તેમાં માલ ચડી જાય. અને તે જ વખતે બિડી મળી જાય.એટલે આડતીયા ઉપર આંકડા બિડી હૂંડી લખી શકાતી હતી. આવું સુંદર કામ અને સગવડ જોઈ આડતીઆ ખુશી થતા હતા. અને અમારી મૂંઝવણ નાણા સંબંધી ઓછી થતી હતી. સંવત ૧૯૬૭માં પણ એ જ પ્રમાણે કામ ચાલ્યું. વળી ચોખા, ગોળની દુકાન બજારમાં જુદી કરી હતી. તે કામ પણ સારું ચાલતું હતું. કલકતાથી રંગુન ચોખા આડતીઆના હજારો ગુણી આવતા. તેના નાણા માલ વેચાયા પછી મૂકતા હતા. આ બધી સગવડ હતી. હવે ચાલુ ખરીદીનું કામ તો બરાબર ચાલતું હતું પણ ૨ થી ૪ મોટા વેપારી કહે અમારે થોડો માલ બાલાંશ ભરવો છે. તેમા રૂપિયા અમારે રોકવા ખપે. અમારા શેઠ તરફથી તેવી સગવડ મળે નહિ. એટલે તેમને પૂછ્યું કે અમારે તો ૧॥ થી ૨ મહિના રકમ રોકવી છે પછી માલ હાથરસમાં પડયો રહેશે. તો પણ નાણા મોકલી આપશું પણ તે નાણા એના મોકલ્યા આવે. એટલે આડતીઆનો માલ ખરીદ કરી એની મુંબઈની વખાર ઉપર. બદલામાં ૫૧ દિવસની મુદ્દતી હૂંડી લખાવી લીધી એટલે  ૫૧ દિવસે નાણા છૂટા થઈ જવાના. પછી નાણા મોકલે, લખાવવાની જરૂર પડે નહિ. અને થોડા દિવસ પછી તે હૂંડી બજારમાં વેચી નાખી. એટલે નાણા મળી ગયા. આડતીઆ રાજી થયા. અમોને નાણાની અગવડ થઈ નહિ. અને અમારા શેઠ પણ રાજી થયા. ભાઈ સોભાગચંદને હાથરસ બોલાવ્યો. આ રીતે હાથરસમાં ૨ થી ૨॥ વરસ રહી ખૂબ કામ કર્યું. ભાઈ સોભાગચંદને થોડા મહિના હાથરસમાં રાખ્યા પછી મારે કલકતા જવાનું થયું. પાછળથી એને પણ કલકતા બોલાવી લીધા. દર વરસે રૂા. ૨૫૦૦૦ આસરે નફો અને કમીશન હાથરસમાં થઈ. આ કામ ઘણું સારૂ કહેવાય. ૧૯૬૨ની સાલથી ૬ વરસ મારો ભાગ ૧૨॥ દોકડા રૂપજી માધવજી કંપનીમાં હતો. કલકતામાં દર વરસે નફો રહેતો. હાથરસમાં ઉપર પ્રમાણે લાભ થયો. છતા મુંબઈમાં હવાલા પડે ત્યારે કોઈ વરસે ૮૦૦ થી ૧૦૦૦ રૂપીયા નફો જમે થતો તો કોઈ વરસે એટલી નુકસાની ખાતે મંડાતી. આટલી બધી મહેનત છતાં ઉપર મુજબ સ્થિતિ રહેતી. કારણ મુંબઈમાં ભાગીદારો વેપાર કરતા તે સારા સ્વભાવના હતા. એટલે ફસાઈ જતા હતા. વળી આસામી ખાધ પણ ઘણી આવી જતી હતી. માલ સ્ટોક પણ ટાણાં ઉપર નિકાસ કરી શકે નહિ. વેપારમાં ચપળતા, દોસ્તી દલાલોથી ખાસ જોઈએ. ઠાસરાનો એક વોરો થોડા ડબા ઘીના આડતમાં મુંબઈ મૂકતો એના લોભમાં દોસ્તી કરી. ત્યાં તેલની મિલ કરી.  રૂા. ૧૦૦૦૦ થી ૧૨૦૦૦ ધીર્યા. તે વોરાજી પાછા દેખાણા નહિ. રૂા.૧૦૦ થી ૨૦૦ કમીશન કમાણા હશે તેમાં મોટી રકમ ધાપી ગયો. તે સિવાય પણ ધાપી જતા. આ બધા સંજોગો જોઈ સંવત ૧૯૬૭ની સાલના શ્રાવણ માસમાં હાથરસમાં રૂપજી  માધવજીથી છૂટા થવાનું  ચોકકસ વિચાર કરેલ. કારણ છ વરસમાં કાંઈ લાભ થયો નહિ. અને ભવિષ્ય પણ સારું લાગ્યું નહિ. શેઠજીને સમજાવીને હાથરસનો મારા હાથનું કામ ચોખ્ખું કરી કલકતા આસો માસમાં ગયો. રસ્તામાં ઈટાવા ઉતરી ત્યાંના આડતીઆ સાથે હિસાબની ચોક કરી ખાતા ચૂકતે કીધા. પછી કલકતા આવી મુંબઈ પત્ર લખ્યો, દિવાળીથી છૂટો થઈશ. શેઠે ઘણી રીતે છૂટા નહિ થવા લખ્યું પણ મારો નિશ્ચય બદલ્યો નહિ. અને શેઠને લખ્યું કે હું કલકતામાં રહીશ તો તમારું કામ હું વગર પગારે કરીશ. શેઠજીએ છૂટા થવાની હા પાડી. ત્યારે લખ્યું કે હમણાં જે કાંઈ માલ મુંબઈમાં બેલેન્સ છે તે દિવાળી ઉપર બજારભાવે ખંડી મારો હિસાબ ચોખ્ખું કરી આપો. તે પછી ૨થી ૩ મહિના કલકતામાં મારા હાથમાં કામ હતો તે બધું પતાવી ચોખ્ખું કરી, હિસાબ લઈ મુંબઈ ગયો. મુંબઈમાં બેલેન્સ બારદાન હજી સુધી પડયા હતા. એની બજાર ઘણી ઘટી હતી. આથી રૂપિયા ૧૦,૦૦૦ નુકસાની એમાં વધુ થઈ. તે પણ જૂના હિસાબમાં માંડી મારો હિસાબ કરતા રૂપીયા ૩૭૫૧ મારે ખાતે શેઠના લેણા નીકળ્યા. તે ધોરણસર શેઠના કહેવા પ્રમાણે સહી કરી આપી.

મને એક જ ભાવ હતો કે હું શેઠના આશીર્વાદ લઈ છૂટો થઈશ તો સુખી થઈશ. તેથી તેમનું મન રાજી રહે તે પ્રમાણે કરી એમના આશિષ લઈ છૂટો થયો. કલકતામાં શેઠ જેઠાભાઈને "મારે છૂટા થવું છે" એ બધી વાત કરી હતી અને તે મને પોતાની મુંબઈની વખારે મને અમરચંદ માધવજીની કંપનીમાં ભાગીદાર તરીકે ગોઠવવા શેઠ જેઠાભાઈએ પોતાની પેઢી ઉપર લખેલ. શેઠ અમરચંદભાઈ પોતે હયાત. મારા તરફ તેમને પણ બહુ ભાવ હતો. પોતાની કંપનીમાં સદરમાં ભાગીદાર ઘણા છે એટલે સદરમાં નહિ પણ પેટા ભાગમાં કરાંચી અથવા કોલંબોની વખારે મને જવા કહ્યું. મારે પેટા ભાગમાં રહી જુદો હિસાબ શેઠ સાથે કરવું તેમાં કચવાટ થવા સંભવ તેથી સદરમાં ભાગનો બને તો ભલે નહિ તો મારે રહેવું નથી. એ વખતે અ. મા. ની કંપનીમાં એક દોકડાના ભાગીદારને રૂા. ૧૦,૦૦૦ ભાગે આવતા હતા.  શેઠ અ. મા. એ મને ઠા. મોનજી વાલજી સાથે ભાગમાં સેટલ કરી આપ્યો. તેમાં ૩ આની ભાગ મારો અને મારા કલકતામાં રહી કામ કરવુ એ બધુ નકકી થયા પછી મોનજી વાલજીના જૂના ભાગીદારોનું મન દુ:ખાણું. કારણ માહ માસમાં વાત ચાલે છે ભાગ કારતક સુદ રથી મારો થાય. ૩ માસમાં રૂા. ૨૫ થી ૩૦ હજારનો નફો થયો છે. ગયા વરસમાં નુકસાની તેમને થઈ હતી તેથી શેઠે કહ્યું કે આ વરસે પેટા ભાગમાં કામ કરો, આવતા વરસથી સદરમાં ૩ આની ભાગ વાત થઈ તે પ્રમાણે આપશું પણ મારે તેવી રીતે રહેવા વિચાર નહિ. તેથી તે વાત પણ મૂકી દીધી. બીજુ મુંબઈમાં સગવડ બીજા બારદાનવાળાથી થઈ શકતી હતી.પણ મારા મનને સંતોષ થાય તેવુ મને લાગ્યું નહિ. તેથી કલકતા આવ્યો. અને શેઠ જેઠાભાઈને બધી સાચી હકીકત કરી. અને મારા ઉપર શેઠનો રૂા. ૩૭૫૦ કરજો થયો છે તે કહયું.

શેઠ જેઠાભાઈની મારા ઉપર બહુ જ પ્રીતિ. તેની કલકતામાં બારદાનના ગોદામ કરવા તેમાં રૂા. એક થી દોઢ લાખ રોકવા અને મને ભાગ આપવા કહયું પણ મને તે વાત પણ ગમી નહિ. કારણ ઘણા વરસ સુધી મહેનત કર્યા પછી પણ લાભ થયો નહિ.  તેથી ચોખ્ખો લાભ જણાય તેવું કામ મળે તો ઠીક. શેઠ જેઠાભાઈએ મને મારા હિસાબે વેપાર કરવાની છૂટ આપી. તેથી મેં  અ.મા. ના નામથી વેપાર કીધો. ૧ મહીનામાં રૂા. ૧૨૦૦ મળ્યા. તેથી સંતોષ થયો. અને દેશ જઈ ૬ મહીના રહી પછી કાંઈક કામ કરવું એવું વિચાર કરી દેશ ગયો ત્યાં છ મહિના શાંતિથી રહી શું કરવું એના વિચાર કીધા. છેવટે કાર્ટરાઈટ કંપનીમાં દલાલી કરવી અને ભાઈ કરમચંદ એકલો છે તે બંને સાથે રહેવાથી કોઈને દેશ જાવું પડે તો વાંધો નહિ. અને જરૂર કામ પણ વધી શકે. આ વિચાર કરી ૧૯ તની સાલમાં દેશથી મુંબઈ આવ્યા. મુંબઈ આવ્યા પછી વિચાર કીધો કે કલકતામાં વેપાર કરેલ છે તે દલાલી કરવાનું વખતે ફાવે નહિ તો ?  તેથી શેઠ ભાણજી રામજી સાથે કલકતામાં શરૂ કરૂં તેમાં ચાર આની ભાગ મારો ચાર આની ઠા. હંસરાજ એન્ડ કાુંનો અને આઠ આની ભાણજી રામજીનો. હંસરાજ એન્ડ કાું લખપતના લુવાણા હતા. મુંબઈમાં સારા પ્રમાણિક દલાલ ગણાતા હતા. મારા કલકતાના કામને લઈને મારા તરફ બહુ સારો ભાવ રાખતા હતા. તેને પોતાને વેપાર કરવા જરૂર નહિ. કારણ તેની સારી દલાલી મુંબઈમાં ચાલતી હતી. પણ મારા માટે એણે પોતાના ભાગ રાખ્યો. શેઠ ભાણજી રામજીના ભાગીદાર ભીમજી મહારાજ તથા પરસોતમ મહારાજની મારી સાથે ઓળખાણ નહિ પણ હંસરાજ એન્ડ કંપનીના કહેવાથી એણે તે રીતે ગોઠવણી કરી. મુંબઈમાં મારી મરજીએ કામ કરુ તેમાંજ અમારો ભાગ બાકી ભાણજી રામજી પોતાને હિસાબે કામ વધુ કરે તેમાં ભાગ નહિ. પણ તે મારા મારફતે કામ કરે અને મુંબઈમાં મારે કાંઈ કામ કરાવવું હોય તો અમારી કંપનીના હિસાબે હું લખું તે કરે, તેનો કમિશન નહિ. મારી પાસે એક પાઈ નહિ. અને રૂા. ૫૦ હજાર - લામનો જોખમ થઈ જાય, તો પણ સમજીને મને પોતાનો ગણી આપ્યા.

હું કલકતામાં દલાલી કરૂં તો પણ મને આવા મોટા ચાલુ કામ કરનાર વેપારની જરૂર હતી. ઈશ્વરે તે પ્રમાણે સંજોગ કરી આપ્યો. કલકતામાં આવી કાર્ટરાઈટ કંપનીથી વાત કરી તે લોકો રાજી થયા. કારણ તેની ઉપર કાંઈ બોજો ન હતો. અમો કામ લાવીએ એમાં જ અમારો ભાગ હતો એટલે વધુ કામ લાવવામાં તેમને વધુ ફાયદો હતો. શેઠ જેઠાભાઈની સલાહ લીધી તેમણે પણ તેમ કરવા સલાહ આપી. તેથી સંવત ૧૯૬૮ ઈ.સ. ૧૯૧૨ થી દલાલી શરૂ કરી. ઈશ્વરકૃપાથી આસ્તે આસ્તે કામ વધતું ગયું. શેઠ અ.મા.ની કંપનીમાં નફો થાય અને ભાગીદારને ભાગમાં જમે પડે તેમાંથી ૧૦ ટકા લેખે દરેક ભાગીદારે પોતાની મરજીમાં આવે તે રીતે શુભ ખાતે વાપરવા, માટે જુદા જમે રાખતા હતા ઉપરનો દાખલો અમોને ગમ્યો. અમે બંને ભાઈઓએ જે કાંઈ કમાણી થાય એમાંથી ટકા ૧૦ લેખે શુભ ખાતે જમે કરતા હતા અને સારે માર્ગે વાપરતા જતા હતા. પેલા જ વરસમાં રૂપિયા ૫થી ૩૫ હજાર દલાલીમાં અમને લાભ થયો. શેઠ રૂપશી માધવજીના રૂા. ૩૭૫૧ દેવા હતા. તેથી અમરચંદ માધવજીની કંપની મારફતે મુંબઈ ચૂકતે મોકલી આપ્યા. અમારા શેઠ બહુ ખુશ થયા. પછી શેઠ ભાણજી રામજીની કું મુંબઈ સાથે ૧ વરસ ઉપર જણાવ્યા પ્રમાણે ભાગમાં વેપાર રાખેલ એમાં રૂા. ૮૦૦ આસરે નુકસાની થઈ તે ચૂકતે કરી અને તેમને લખ્યું કે અમો પોતાના અંગત વેપાર કરશું નહિ. ત્યારે શેઠ ભા. રા. વાલાએ પોતાની વતી અમોને કામ કરવા લખ્યું, તે અમારે નેહની ખાતર કબૂલ કરવું પડયું. અને ઈશ્વરકૃપાથી છેવટે ૧૯૭૮ના ફાગણ માસ સુધી એમનો કામ અ. મા. ના કમીશનમાં અમારી મરજી પ્રમાણે લેવડદેવડ કરી. એમાં દર વરસે રૂા. ૨૦ થી ૨૫ હજાર થતો આવ્યો. તેથી તે લોકોની અમારા તરફ બહુ પ્રીતિ વધતી આવી. મુંબઈ જઈએ આવીએ તો તેમની પેઢી ઉપર ઉતરતા અને બહુ સારો સત્કાર કરતા. ૧૯૧૪ના ઓગષ્ટ માસમાં યુરોપમાં લડાઈ થઈ. તેથી શરૂઆતમાં બજારો બધી તૂટી ગઈ. હેશીયન ૪ X ૮ રૂા. ૬।= ૪+૧૦।। રૂા. ૮ ભાવ બીટુ બીલ હેશીયન રૂા. ૨૦ થયા વેપારી લાખો રૂા. નુકસાનીમાં આવ્યા. માલ નિકાસ બંધ થયો. માણસોને ઈજજત સાચવવી ભારે થઈ. દલાલીનું કામ બંધ થઈ ગયું. માણસોની ભાગનાસ થઈ. અમોએ પણ બધાએ કુટુંબને દેશ મોકલ્યા. ફકત હું એકલો કલકતામાં રહેતો હતો. ત્યારે અમારી પાસે થોડા રૂપિયા થયા હતા. તેની પાછળથી મુદ્દતી હૂંડી કરમચંદ ડોસાભાઈના નામથી લીધી. અને ત્યારથી કરમચંદ ડોસાભાઈનું નામ પબ્લીકમાં ચાલું થયું. લડાઈ પછી થોડા મહીનામાં સમુદ્ર ઉપર બ્રિટીશ સરકારનો કાબુ થઈ ગયો એટલે સ્ટીમરો જવા લાગી. લડાઈને લીધે માંગ વધતી આવી. વોર બેગના ઓર્ડર આવવા લાગ્યા. તેથી ભાવ વધ્યા. અને કામકાજ ખૂબ સારા થવા લાગ્યા. દેશથી કુટુંબ બધા આવી ગયા. અને કામકાજ દિવસા દિવસ વધતા ગયા. ઓફીસમાં સાહેબો પણ વધ્યા. માસીક રૂા. ૧૪ હજારનો ખર્ચ ઓફિસનો હતો. સાહેબો ઘણા સારા. ખાસ કરીને વોકર સાહેબ બહુ સારો અને પ્રામાણિક. તેમના સત્સંગથી ઘણો લાભ થયો. અમે કંપનીમાં કામ કરતા હતા ત્યાં સુધી નીચેના સાહેબો ગુડવીલ ફર્મના માલિક થતા આવ્યા. તથા કામ કરવા માટે નોકરી હતા. છેવટે રીટાયર્ડ થયા. ૪ પાર્ટનર હતા. બાકી નોકરીએ હતા. કુલ ૧૯ સાહેબો વારા ફરતી હતા. પગાર સારા આપતા હતા. માસિક રૂા. ૧૫૦૦ અને વરસના બોનસ રૂા. ૨૦૦૦ આપતા. બજારોમાં તેજી મંદી ઘણી થવા લાગી. વેપારીઓ ખુબ કમાણા. અમારુ કામ પણ ખૂબ વધતું આવ્યું. દેશી વેપારીનું અમારી તરફ વલણ વધતું ગયું. દેશી વેપારીઓનો જેનો ખાસ કામ અમોને પ્રેમથી મળતો. શેઠ અ.મા. ની કંપની, શેઠ જેઠાભાઈ રાઘવજીની કું, શેઠ હાજી જકરીયા, હાજી જાનમહમદ, શેઠ અબ્દુલ રહીમ ઉસમાન, ઉમરશી રાયશીની કું , કુરપાલ હરસીની કું, મુળજી ધારશી, આમદજી હાજી દાઉદ, ઉસ્માન જમાલ વગેરે બીજા ઘણા હતા. મારવાડીમાંથી

પણ બિરલા હુકમચંદ છાજુરામ વગેરે ઘણા હતા. તેથી અમારું કામ સારું ચાલવા લાગ્યું . ૧૯૧૭- ૧૯૧૮માં અમારા ગાર્થ સાહેબ મોટર રૂા. ૫૦૦૦ની લીધી. અમારે પણ મોટર લેવા વિચાર થયો તે ડેમલર નંબર ૧૪૬ની સેકંડહેન્ડ રૂા. ૧૪૦૦૦માં અમારા સાહેબોએ પસંદ કરી અપાવી. આ સાહેબોની મનની ઉદારતા, પોતા કરતા સારી અપાવી. બહુ ખુશી થતા. કામ વધારે ચાલવા લાગ્યો. તેથી ૧ માણસની જરૂર લાગી તે ભા લખમીદાસ વીઠલદાસને રાખ્યા. એને અમારા હિસાબમાં આવે તેમાંથી ।। આનો છેવટે ૦)= આના ભાગ આપવા લાગ્યા. અમારી ચાલુ પેદાશ ૧૦ વરસ સુધી આસરે માસિક રૂા. ૧૦,૦૦૦ થી વધુ હતી. ઓફીસ સાથે કોઈ એગ્રીમેન્ટ થયો ન હતો. મોઢાની વાત પ્રમાણે બરાબર હિસાબ કરી તે લોકો જેવી ઉઘરાણી આવે તેના પ્રમાણમાં અમોને રકમ આપતા જતા હતા. મિલમાંથી બજારમાં સ્પેશ્યલ માલ અપાવતા હતા. તેમાં કોઈ આસામી માલ ઉપાડે નહીં તો જોખમદારી કોની એ કોઈ વાત અને ચોખવટ થઈ ન હતી. પણ બંનેના દિલ સાફ ન હતા. અમો અમારી જોખમદારી સમજતા હતા. સાહેબો ઓફીસની સમજતા હશે. મોટી રકમના સ્પેશ્યલ લાખોનું જોખમ બજાર ઘટ વધમાં રહેતું. છતાં ઈશ્વકૃપાથી અમોએ ઓફીસમાં કામ કર્યુ. ત્યાં સુધી ફકત રૂા. ૭૫૦૦ એડજસ્ટ કરી આપ્યા. નુકસાની થઈ તે ઓફીસે પોતાના હિસાબમાં માંડી વાળ્યા. અમારી પાસેથી લીધા નહિ. આવી સચ્ચાઈથી  ઈશ્વરે રક્ષા કરી. અમોએ દલાલી શરૂ કરી. ત્યારથી ઓફીસમાંથી રીટાયર્ડ થયા ત્યા સુધી પોતાનો વેપાર એક પાઈનો કર્યો નહિ. અને તેથી અમારે નફો નુકસાની થઈ નહિ. અમારો દઢ વિશ્વાસ કે દલાલી કરનારને દલાલીમાં જ સંતોષ રાખવો જોઈએ. વેપાર સાથે કરો તો બરકત ન થાય. અને વેપારમાં જોખમ કરી વેપારી કમાતા તેથી અમોને વધારે મળવા લખ્યું. તેથી અમો છેવટ સુધી અમારી ટેક રાખી શકયા. કલકતામાં ઘણા દલાલો હતા. ઘણા મોટા કામ કરનારા હતા. પણ આવી રીતે તદન ચોકખાઈ છેવટ સુધી રાખવા વાળા કોઈક વિરલા હશે. અમો અંગ ઉપર કામ કરતા નહિ. તેથી વેપારીઓનો અમારા ઉપર વિશ્વાસ રહેતો. ઓફરો કલાકોની આવે, વધ ઘટ બજારો થઈ જાય, તો પણ તેઓને ખાત્રી કે આપણે તેમના હાથે નુકસાન નહિ થાય. લડાઈના વખતમાં વેપારી પાસે માલની ઓફર લઈ મિલમાં ટ્રાય કરી કામ કરીએ ત્યા સુધી ઘણી તેજી ઓચિંતી થઈ જતી. છતા અમારે પોતાનો અંગત સ્વાર્થ નહિ. તેથી તે હક વેપારનો વેપારીને આપતા. તેથી અમારી પ્રતિષ્ઠા વધતી આવી. કોઈ પૂર્વના પુણ્યથી એવો વખત નીકળી આવ્યો કે વેપારીને ત્યાં અમો જઈએ તે ખુશ થતા અને જ્યાં જઈ શકતા ન હતા તે લોકો અમો તેમને ત્યાં જઈએ તો કામ આપે તેવી તેઓની ભાવના થયા કરતી હતી. ઘણા સાધારણ દલાલો અમારી પાસે આવતા તેની સાથે ભાવથી વાત કરતા. તેમનું કામ થાય એવુ બને તો કરતા હતા અથવા એમનું કઈ રીતે કયાંથી કામ થશે એનો રસ્તો બતાવતા. તેથી અમારા ઉપર બહુ પ્રેમ રાખતા હતા તથા બજારમાં કાંઈ નવી ખબર હોય તો અમોને તુરંત આપી જતા હતા તેથી  અમોને બીજા કરતા હંમેશા વધારે માહિતી રહેતી હતી. આપણે મળે અને બીજાને પણ મળે એવી ભાવના હંમેશા રાખવી ખપે.

ભા.ની. કંપનીમાં અ. મા.ના નામથી કામ કરનાર ઘણા વેપારી ત્યા બેસતા. અમો ઘણાએ વેપારીઓમાંથી એક વેચે બીજો લે તો એમા પણ અમોને પૂરી દલાલી મળતી હતી. ઓફીસમાં કડાકટ લખાવતા એટલે સાહેબ લોકો તાજુબ થતા કે અ. મા. બાયર અ.મા. સેલર તો પછી દલાલી શા માટે આપે છે ? પણ અમારો સિધ્ધાંત ઓફીસનું હિત જોવાનું હોય. અમે પ્રિન્સીપલ કરતા તે ગમે તેમ દલાલી બનાવી લેવી, તેવા હિસાબ નહિ, જેને અપાવીએ તેની શકિત ઉપરાંત અમારી શકિતનો માપ કરી જો બજાર ઘટે તો કેટલી, તેમા જોખમ કેટલું, તે વિચાર કરતા હતા. તેથી પ્રિન્સીપલ સમજપ્રપુર્વક જરૂર જેટલું કરી શકાય. બીજા યુરોપીયન દલાલોનેપ્રિન્સીપલમાં લાખો રૂપિયા નુકસાની થઈ

છે પણ અમોને ઈશ્વરકૃપાથી બિલકુલ કાંઈ નથી થયું. તે વિશે ઉપર લખાઈ ચૂકયું છે.

સંવત ૧૯૭૨ના ફાગણ માસમાં શ્રી ભદ્રેશ્વરનો છારી પાળનો સંઘ કાઢયો તેમાં માણસો ૩૦૦ થી ૩૫૦ હતા. મૂનિ મહારાજશ્રી રતનમુનિ ખડતર ગચ્છના સાથે હતા. ભુજથી માધાપર રાત રહી રેવા ભુવડ ચાર રાત રસ્તામાં લાગી. બધાના ખાવા પીવા રહેવા વગેરેની સારી વ્યવસ્થા થઈ હતી. કામ કરનાર ઘણા જ મહેનતુ સેવાભાવ વાળા હતા. એ સંઘનો ખરચ કોરી ૩૫૦૦ આસરે થઈ, પણ પૂ. માતાજીના મનને ઘણો રાજીપો થયો. અને નિર્વિઘ્ને સુખરૂપ ભુજ આવી ગયા. સંવત ૧૯૭૫ના સાલ બધી રીતે આનંદદાયી હતી. નં ૩ બાઉસ્ટીટનું મકાન રૂા. ૧ લાખ ૧૨ હજારમાં લીધું. તો ઉપર રૂા. ૩૫૦૦૦ આસરે રિપેરીંગ સુધારા વધારા કર્યા તેમાં ખર્ચ થયો. ત્યાં રહેવા ગયા પછી ફાગણ વદ ૨ ના ચિ. પ્રભુલાલનો જન્મ થયો. એજ વરસમાં પૂ. ગૌતમસાગર મહારાજનું ચોમાસું પાલીતાણામાં થયું. પૂ. માતાજીને પાલીતાણા ચોમાસું કરવા ત્યાં રસોડું ખોલી, સાધુ સાધ્વીને વહોરાવી લાભ લેવા ભાવના થઈ. માતાજી કલકતામાં હતા. ત્યાં જવાનું ચોકકસ વિચાર કર્યો. સાથે ભુજમાંથી જેને ચોમાસું કરવા પાલીતાણા આવવું હોય તેને અમારે ખરચે તેડી જશું. તથા ચાતુર્માસ પુર્ણ થવાથી ભુજ પહોંચાડશું એટલે લગભગ ૬૦થી ૬૫ જણ પુરૂષો તથા બાઈમાણસો આવવા તૈયાર થયા. ત્યાંથી રસોઈયા માણસો સાથે ભુજથી પૂરતી સગવડથી પાલીતાણા આવ્યા. પૂ. મામી શા જેઠાભાઈ શીવજી માંડવીવાળાના ઘરવાળી, અમારા માતુશ્રીના કાકી જેને અમો બધા મામી કે'તા હતા. તે અમારી બાઈ વેજુબાઈ સંતોકબાઈ વિગેરે બધા સાથે આવ્યા હતા. કલકતાથી અમારી માતૃશ્રી તથા ભા. કરમચંદનું કુટુંબ સીખે ત્યાં ગયા હતા. ત્યાં અધિક માસ સહીત ૫ થી પાા માસ બધા રહયાં, અને પોતાના આત્માનું કલ્યાણ કરતા હતાં. હું પણ ત્યાં ભાદરવા મહિને પાલીતાણા જવા મુંબઈ પહોંચ્યો. ત્યાં જઈ સંઘની સારી સેવા અને આનંદ કરીશું. પણ મુંબઈમાં અમારા બનેવી શા અનોપચંદ ગોપાલજી ભુજમાં દેવગત થવાનો તાર આવ્યો. અમારી બાઈ વેજુબાઈ અમારા બનેવી બિમાર હોવાથી ભુજ અગાઉથી પહોંચી ગયા હતા. હું પાલીતાણા ગયો. ઉમંગમાં જરા ઊણપ આવી. માતાજીને દુ:ખ થયું. ત્યાંથી હું ભુજ ગયો. પાછો પાલીતાણા આવી કલકતા આવ્યો. પાછળ પૂરતો બંદોબસ્ત હતો. ચોમાસું પૂરું કરી અમારી માતાજી સીખે બધા ભુજ ગયા. આમાં રૂા. ૧૩,૦૦૦ આશરે ખર્ચો થયો હતો. ત્યાં વાગડના મતીરો (ચત્રભુજ) કરી આપના નાતનો માણસ આવ્યો. તેને માતાજીએ રાખ્યો. એ માણસ ઉપર માતાજીનો બહુ જ રાજીપો હતો. અને માણસની ખૂબ સેવા કરતો. તેથી અમો પણ ખૂબ ખુશી હતા. માણસ ઘરલાયક, માતાજીની હયાતી સુધી ખૂબ ચાકરી કરી. સંવત ૧૯૮૦ ના ફાગણ વદ ૧૨ ના પૂ. માતાજી કલકતામાં દેવગત થયા. તે પછી સંવત ૧૯૮૩ માં મતીરો દેવગત થયો. તે માણસથી પૂજય માતાજી એટલા રાજી હતા કે મને પાલીતાણાની જાત્રાના ફળમાંથી આ માણસ મળ્યો છે. સંવત ૧૯૮૩માં મતીરો દેવગત થયો ત્યારે હું ભુજમાં શેઠ નગીનદાસ કરમચંદના સંઘના સત્કાર માટે ભુજ ગયો હતો. તેમાં રૂા. ૫,૦૦૦ આશરે ખર્ચ થયો હતો. મતીરાએ પોતાના રૂ. આશરે ભેગા કરેલ તે વાપરવા બીજા ટ્રસ્ટીઓ સાથે મારું નામ હતું. એના લખાવ્યા પ્રમાણે સ્વામીવત્સલ તથા દેરાસર વગેરેમાં જમા મૂકવા હતા ત્યાં મૂકી બાકી વધારાની રકમ તેના ભાઈ માંડવીમાં હતા તેમને તેના લખાણ મુજબ આપી દીધા. ઘણાં છોકરા પરદેશ આવવાનું કે'તા પણ અમારી કોઈ પેઢી નહિ કે તેઓને બોલાવી રસ્તે લગાડીએ. પણ તે માટે કંઈક કરવું એવી ભાવના થયા કરતી હતી. એટલામાં સંવત ૧૯૭૫ની સાલમાં શા લાલચંદ થાવર નામથી પેઢી ખોલી. તેમા આઠ આના ભાગે અમારો અને આઠ આનામાં મેસર્સ ઉમરશી મોનજી કેરવજી ઉકેડા તથા હરખચંદ

ગોવીંદજી વાગડવાલા ભુજના, તે પ્રમાણે એ લોકો કામ સંભાળે તે પ્રમાણે એગ્રીમેન્ટ કરી કામ શરૂ કર્યુ. કામ ખાસ ચોખાના કમીશનનું કરવાનું હતું. રંગુનથી માલ આવે તથા કલકતાથી મુંબઈ વગેરે ઠેકાણે જતો. ગમે તેને માગી હોય તેને માલ આવે તે ઉપર ૭૫ થી ૮૦ ટકા નાણા આપવા અને ખરીદથી મૂકવાનું હોય તો ચૂકતે રૂપિયાની ડોકયુમેંટ કરતા. આ રીવાજે કામ કરતા હતા. બેંકમા ખાતુ હતું. તેમા હું તથા ભા. કરમચંદ સહી કરતા હતા. ભાગીદારોને સહી પાવર આપ્યો ન હતો. કારણ અમો અમારી ઓફીસમાં કામ કરતા હતા. ત્યાં શનિવાર કે રવિવારના કલાક ૦ાા આંટો દેવા જતા હતા. સહી પોતાની હોય તો લેવડ દેવડમાં ધ્યાન રહે. એક દિવસ અચાનક શનિવારનો દિવસ હતો. ૨ વાગી ગયા હતા. સાહેબ લોકો ચાલ્યા ગયા હતા. તેમની પાસે અમારા મોટા સાહેબ વોકર સાહેબ કોલ કરતા હતા. ટેલીફોન મેં ઉપાડયો. મી. ગુલ સાહેબ હતા એમને વોકર સાહેબની પુછા કરી પણ એ ચાલ્યા ગયા છે. કાંઈ કામ હોય તો ફરમાવો. તેમણે કહયું કે મને અમુક માલની નેટ રસીદ હમણાં ખપે છે. મેં કહયું હું તપાસ કરું છું. તેને જોઈતી નેટ રસીદો વેપારી પાસેથી લઈ આપી. તેથી તે ખુશ થયો. મેં તેમને કહયું કે તમારા રંગુન ચોખા ચાલુ આવે છે. તે વેચવાનું કામ અમોને આપો. અમારી પેઢી છે. અમારી પેઢીનું ખાસ ચોખાનું જ કામ કરીએ છીએ. તેમણે કહયું તમે સંતોષકારક કામ કરી શકશો ? ડીપોઝીટ ૧ લાખ રૂપીયા આપી શકશો ? મે હા પાડી. અમે સોમવારે પાછા આવવા કહયું. સોમવારે ત્યા ગયા. બધી વાત થઈ તેને પોતાના મોટા સાહેબને પૂછી જવાબ આપવા કહયું. તે દરમ્યાન અમારી ઓફીસના વોકર સાહેબને પૂછયું કે તમારો આસિસ્ટન્ટ બ્રોકર અમારી ઓફીસના ચોખાનો કામ ગેરન્ટીથી કરવા માંગે છે. તેના માટે તમો ખાત્રી આપો છો ? તેમણે એકદમ અમોને પૂછયા વગર ખાત્રી આપી. અને સાહેબ મને ઓફીસમાં કહયું આ રીતે ગ્રામ કંપનીવાળાએ મને પૂછયું એને મેં જવાબ આપ્યો છે. પણ તમો આપણી ઓફીસમાં કામ કરો છો તો ચોખાનો કામ કેવી રીતે કરશો ? તેમને અમોએ પેઢી કરી છે તેમાં બીજા માણસો કામ કરશે. એટલે તે ખુશ થયો. બાદ ૨ દિવસમાં ગ્રામ કંપની સાથે તે કામનો અમારો સટલ થયો. ડીપોઝિટ માટે તેમને સમજાવી રૂા. ૨૫,૦૦૦ કરાવ્યા અને તેના ૫ ટકા વ્યાજ નકકી થયું. તે કામ પણ સારૂ ચાલ્યું. વળી બંગાળમાં દુષ્કાળ થયો એટલે રંગુનથી માલ આવવા લાગ્યો. બંગાળમાં ચોખા પહોંચાડી ત્યાં વેંચવાનું કામ અમોને શેઠ અ. મા. મંજૂર રાખ્યો. તેમાંથી ફકત કલકતાથી માલ કંટ્રોલ પાસેથી લઈ મોકલે. દેશાવરોમાં ૧૦ થી ૧૨ માણસો મોકલી માલ વેચાણ કરાવતા. તે હાથમાં ૦ા ગુણીએ ગર્વમેન્ટ નફો આપતી હતી. બંગાળમાં ગુણીએ ૨થી ૩ રૂા. ભાવ વધુ આવતો હતો છતાં અમોએ અમારા કમીશનથી વધુ ભાવ લીધો નહિ. અને બધો માલ અમારી પેઢીને રૂ. ૧ થી ૧ા લાખ ૧ વરસમાં ચોખ્ખો નફો થયો. દેશથી પાંચ પાંચ છોકરાઓને રસ્તે લગાડવા બોલાવવાનું કરેલ. એ રીતે પાંચ વરસ સુધી પેઢી ચાલી. ઘણા છોકરાને બોલાવ્યા. સારો પગાર તથા સારો નફો થયો. તેથી બોનસ આપ્યો છતાં કોઈ છોકરો પેઢી ચલાવવા લાયક તૈયાર થઈ શકયા નહિ. પેઢીમાં શરૂઆતમાં ૨ વરસ નફો થયો જૂના ભાગીદારોને સારા પૈસા ભાગમા આવ્યા. તેથી ત્રણે જુદા થયા. અને છેલા ૨ વરસ બીજા ભાગીદાર મોહનલાલ પુરોહીત તથા કરસનદાસને ગોઠવી ચલાવ્યો પણ ખાસ કંઈ ફાયદો થયો નહિ. ખરચ તૂટયો એટલે પછી પેઢી વધાવી લીધી. ચોખ્ખું કામ હતું. કોઈને ધીરધાર નહિ હતી તેથી ૧૫ દિવસમાં હિસાબ પતી ગયો. જેના હિસાબમાં જૂજ વધારો હતો તેને હિસાબ સાથે ચૂકતે ચૂકવી આપ્યા. લેવાનું કોઈ પાસે રાખ્યું ન હતું. જો લેવાનું હોય તો વહીવટ વધાવી તેમાં ઘણા વાંધા કાઢે. તેથી અમોએ પહેલેથી ચોખ્ખી સીસ્ટમ રાખી હતી. અમારી પેઢીમા ગની તથા હેશીયનનું કામ આડતમાં ઘણા કરવા માંગતા હતા. તે કામ કર્યુ હોત તો રૂ. ૨૫ થી ૩૦ હજાર કમીશન વરસે જરૂર થાત. પણ અમો તેમ કરતા ન હતા. જો

પોતાની પેઢીમાં કામ હોય તો લાલચ લાગે. દલાલીમાં ઈશ્વરકૃપાથી પૂરતો મલતો હતો. વળી વેપારીનો જે વિશ્વાસ છે તેમા પણ ફરક પડે. તેથી---- છેવટ સુધી તે કામ કર્યુ નહિ. ચોખાનો વેપારી જે અમારે ત્યાં કામ કરતા એ લોકોએ કહયું કે ત્યારે બારદાનનું કામ અમારે ત્યાં કરજો. તેને કહયું કે તમારું બારદાનનું કામ તમારા નામથી કરાવી આપશું. તમોને કમીશન પણ લાગશે નહિ. આ રીતે લાલચ રાખ્યા વગર કામ કરતા. તેથી વેપારીનો ભાવ અમારા તરફ વધતો ગયો. પૂ. માતુશ્રીજી સંવત ૧૯૮૦માં ફાગણ વદ ૧૨ના દેવગત થયા. તેનો પરો જણ દેશમાં જઈ કર્યા. ત્યાં નવનાત, નાત વગેરા ૭ દિવસ સુધી જમણ તથા ત્રાંબાની હેલની લાણી આખી નાતમાં કરી. પૂ. પિતાશ્રી અમારી નાની ઉમરમાં દેવગત થયા. તે વખતે તેમણે અમારી માતાજીને કહયું હતું કે "હું ઘરમાં કાંઈ મૂકી જતો નથી, પણ આ બે રતન મૂકી જાઉં છું. તને કોઈ વાતે મૂંઝવણ આવશે નહિ." આ પિતાજીના અંતિમ ઉદ્‌ગાર હતા. અમારી માતાજીને કે કોઈને સ્વપ્ને પણ ખ્યાલ કયાંથી હોય કે આ સ્થિતિ અમારી થશે. પણ આ બધું અમારા પૂ. પિતાશ્રીજી તથા માતુશ્રીજીના આશિષને લઈને થયું. અમારા ઘરની સામે કચરા મેતાનું ઘર છે. તેમના ઘરેથી મોંઘીબાઈ બહુ ધર્મી હતા. તે હંમેશાં દર વરસે યાત્રા ગમે ત્યાં જતાં. ત્યારે અમારા માતાજી કહેતા કે "મોંઘીબાઈ તમારી યાત્રા તો ઘણી થાય છે પણ મારી યાત્રા કયારે થશે ?" ૫૦ થી ૫૫ વરસ સુધી તેમણે કોઈ યાત્રા કરી ન હતી. પછી તો શાસનદેવની કૃપાથી આપણા જૈનોની બધી જાત્રા ખૂબ આનંદથી અને તેમનો મન રાજી થાય તેવી રીતે થઈ. માગસર સુદ ૧૧ના ચિ. ચુનીલાલ ૧૫ વરસની ઉમરે દેવગત થયો. તેથી અમારા મન ઉપર ઘણો આઘાત લાગ્યો. એના નામથી રૂા. ૧૦,૦૦૦ આપી કલકતામાં એંગ્લો વર્નાકયુલર સ્કૂલમાં લાયબ્રેરી કરાવી. સંવત ૧૯૮૧ના ભાદરવામાં મારા ધર્મપત્ની ચિ. ગુણવંતીના જન્મ પછી પાંચમે દિવસે દેવગત થયા. તે મને બહુ દુઃખ થયું. મનના ઘણા મજબુત હતા. મને ઘર વિશેની બિલકુલ કદી ચિંતા કરવી પડતી નહિ. પણ માણસનું ધાર્યુ થતુ નથી. સંવત ૧૯૭૮માં ભાદરવામાં ચિ. મેનાના જન્મ વખતે દેશમાં ઈન્જેકશન ડો દુલેરાય તાવ માટે આપ્યો. તેમા પગ સુજી પડયો. તેમા પરૂ થયો. દેશમાં ૪થી ૫ માસ સુધી ડોકટરની ટ્રીટમેન્ટ કરી. છતાં પણ કાંઈ ફાયદો થયો નહિ. પણ મારા મનમાં ખૂબ ભાવ થયો. ઘરમાં મારા જેટલો જ હક તેનો છે, મારી શક્તિ છે, ગમે તેટલો ખર્ચ થાય તો પણ મારે સારામાં સારી ટ્રીટમેન્ટ કરાવવી. બચવાની ઉમેદ નહિ. તેવા ટાઈમે ખુરશી ઉપર ઉપાડી માંડવી સ્ટીમરમાં બધો બંદોબસ્ત કરી મુંબઈમાં એમ્બ્યુલેશ બોલાવી. મુંબઈમાં ૫ થી ૭ દિવસ રહી એક્સ-રે લેવરાવ્યા. ઘણા મોટા સર્જનોને બતાવ્યા. તેમા પગ કાપવો પડશે તેવી વાતો થઈ. તેથી મારું મન ગભરાણું અને કલકતા તેડી જઈ ત્યાં તુરંત કર્નલ વિલ્સનને બતાવી સલાહ લીધી. તેણે કહયું કે સિરીયસ છે. છતાં ચાન્સ છે. તેથી ઓપરેશન કરાવ્યું. ૩થી ૪ મહીનામાં રૂઝ આવી ગઈ અને પગ ઠીક થઈ ગયો. પણ તબિયત ઘણી સારી થઈ નહિ. ખરચ આસરે ૮,૦૦૦ થયો હશે. પણ મારા મનને ફરજ બજાવ્યાનો સંતોષ થયો. સંવત ૧૯૮૧ માં દેવગત થયા ત્યારે પણ બનતા ઉપચાર ઘણા કર્યા પણ ત્રુટીની બુટ્ટી નથી. બધા કુટુંબને બોલાવી ખમાવી શાંતિથી તેમનો આત્મા નીકળી ગયો. બરાબર સમજી શકે એ ટાઈમે કહયું તારા આત્માના કલ્યાણ માટે રૂા. ૧૦,૦૦૦ કાઢી શુભ ખાતામાં વાપરીશ તેનો જે કાંઈ પૂણ્ય થાય તે તમારો છે. તે રૂપીયા થોડા ટાઈમ પછી જે બિમારીમાં તેમનું મૃત્યુ થયું તે બિમારીની સારવારમાં એટલે મેટરનીટી હોસ્પિટલ ભુજમાં મોટી હોસ્પિટલમાં રાજ સાથે વાટાઘાટો કરી મકાન બનાવી આપવા અને તેમાં લેડી ડોકટર નર્સ વગેરે રાજય અને પ્રસુતિગૃહ તરીકે રાજ પબ્લીક માટે ચલાવે તેવો લેખ મકાન પર લગાવી રાજને અર્પણ કરેલ છે. તેમાં ૧૨ ખાટલા ચાલુ રહી શકે તેનો સારી રીતે ઉપયોગ લેવાય છે. આ પ્રસુતિગૃહનો પાયો નાખવાનું પ્રિન્સ વિજયરાજજી સાહેબના શુભ

હાથથી પાયામાં બેસી ૧ કલાક ક્રિયા કરી મોટો મેળાવળો કરી નાખ્યો હતો. તથા ઓપનીંગ શેરીમની પણ તેઓશ્રીના હાથે મોટો મેળાવડો કરી કરી હતી. શ્રી હજૂર ઘણા ખુશી થયા હતા. આ મકાન બંધાવવા પાછળ કોરી ૫૦,૦૦૦ ખરચ કરવાનું રાજય સાથે ઠરાવ હતો પણ તેમાં ખરચ કોરી ૬૫થી ૭૦ હજાર આસરે થયો છે. આ કાર્ય ડો. જાદવજીભાઈ હંસરાજની મહેનતથી બધુ થયું છે. કચ્છના રાજય સાથે સહકારથી આ પહેલું કામ થયું. તેથી પબ્લીક પણ બહુ ખુશ થઈ. નાતમાં જમણનો રીવાજ. કાંસાની થાળીમાં સાથે બેસી જમવાનો ચાલતો હતો. તેમાં કેટલાંક જણા એકલા બેસી પોતાના વાસણ ઘરેથી લાવી જમાડવાનો રિવાજ કરવા માગતા હતા. તેમાં નાતમાં મતભેદ ચાલતો હતો. એકલા જમવામાં વાંધો નહિ પણ વાસણ ઘરેથી સાથે લઈ પાછા સાફ કરી સાથે લાવવા. આ વાત આપણા સમાજને ઊણપ જેવી લાગતી હતી. તેથી નાતમાં ૧૦૦૦ થાળી અને ૩૦૦૦ વાટકા ૬૦૦ પાણી પીવાના ગ્લાસ અમારા તરફથી નાતમાં અર્પણ કર્યા. તેથી નાતમાં બધાના મન રાજી થયા. અને જમવાની સગવડ પૂરતી થઈ ગઈ. એમાં ખર્ચ રૂા. ૨,૦૦૦ આસરે થયો. ૧૯૮૨માં ઘણા વિચારો કર્યા. મારે બીજી વાર લગ્ન કરવું પડ્યું. કારણ ઘરમાં છોકરા નાના હતા. ઘરમાં કોઈ સંભાળી શકે તેવું નહિ.

સંવત ૧૯૬૬ની સાલમાં દેશમાં મને કાળી ઉલ્ટી તથા કાળો પાયખાનો થયો. તે ૨-૩ દિવસ ચાલ્યો. તે પછી અવારનવાર ૨ થી ૪ વરસે કાળો પાયખાનો થાય અને પેટમાં દુખાવો થાય. ઘણા મોટા ડોકટરને બતાવ્યા તો તેમનું કહેવું થયું કે “અલ્સર છે.” મુંબઈમાં પણ મોટા ડોકટર દેશમુખ દલાલ મેજર પોર્ટર બધાનો ઓપરેશન કરાવવાની સલાહ મલી. પછી કલકતામાં ૩ યુરોપીયન સર્જન મોટા હતા. તેને ઘરે બોલાવી દેખાડયું. તેમનો કહેવું થયો કે વખતે અલ્સર ખપે માટે ઓપરેશન કરી જોઈએ. ૩ ઇંચ કરી જોશું. અલ્સર હશે તો ઠીક નહિતર બંધ કરી દેશું. આવી રીતે અલ્સર ચોકકસ નહિ અને ટ્રાય ખાતર ઓપરેશન કરાવવું વ્યાજબી નહિ. તેથી છેવટ સુધી ઓપરેશન કરાવ્યું નહિ. અવારનવાર દેશી વિલાયતી દવાઓ લેવાથી મટી જતો. વળી થઈ આવતો. છેલ્લે ૧૯૩૫ ઈ.સ.માં બેંગલોર ગયા. ત્યા પણ તે જ પ્રમાણે કાળો પાયખાનો થયો અને દુ:ખાવો થયો. રાથી ૩ માસ ચાલ્યા પછી આ વખતે સંવત ૧૯૪૩ સુધી શાંતિ છે. આ બિમારીમાં ઘણા રૂપીયા ખરચ થઈ ગયા છે. એલોપેથી, હોમિયોપોથી, દેશી ઘણી દવાઓ કરી. સંવત ૧૯૮૩માં સંવતમાં ફીશચુલા હરસ થયા. એ કલકતામાં તુરત જ ડો. લલીત મોહન બેનરજી પાસે ઓપરેશન કરાવ્યું સાથે હરસના મસાનું પણ ઓપરેશન પણ કરાવ્યું. માસ દોઢ પછી સર્જનને પણ સાથે બોલાવી ફેમિલી ડોકટર મિત્રા ડ્રેસિંગ કરતો. સર્જનને દરરોજ ૩ રૂા. ફી આપતો. કારણ જરા કચાસ રહેશે તો નાના ડોકટરે ભૂલ કરી કેવાશે. ઠીક થયા પછી ૮ દિવસે વળી જરા રસી નીકળી. તેને બતાવ્યું તો કહે “ફરી ઓપરેશન કરવું પડશે.” તે ફરી કરાવ્યું. તેમાં દોઢ માસ બીજો લાગ્યો. તે પછી બરાબર થયું. આ કામમાં ખરચ રૂા. ૪,૦૦૦ થયો. ભુજમાં પૂ. માતુશ્રી ઇંદીરાબાઈ નામથી કન્યાશાળા સંવત ૧૯૩૩માં સંવત ૧૯૯૦ લગભગમાં શરૂ કરી. માસિક ખરચ કોરી ૧૩૫ હતો. ફકત નાતની કન્યા માટે હતી. પાછળથી ગીજુભાઈની સલાહથી થયેલ ૧ બાઈ મનુબેનને બોલાવ્યા માસિક રૂા. ૪૦ પગારથી. તે પછી શાળા ઠીક પ્રગતિ કરવા લાગી અને શ્રી ગીજુભાઈ દર વરસે પરીક્ષા લેવા આવતા અને તેમની ભાવના આ કન્યાશાળાને નમૂનારૂપ (મોર્ડન) બનાવી. તે પ્રમાણે દરેક જગ્યાએ કન્યાશાળા થાય તેવી ભાવના હતી. જેમ મંદીર ભાવનગરમાં કર્યા પછી સેંકડો ગામમાં થવા લાગ્યા. તેવી તેની ભાવના હતી. પાંચ વરસ સુધી દર વરસે પોતે જાતે આવી નિરીક્ષણ કરતા અને સંતોષ પામતા. તેમને ઘણી ઉમેદ હતી પણ કુદરતને મંજૂર નહિ. તેથી તેઓ દેવગત થયા. તે કન્યાશાળાની પ્રગતિ જોઈ ખરચ પણ વધુ કરવા લાગ્યા. લગભગ કોરી ૬૦૦ થવા

લાગી. હૂંડીના ભાવ ૫૫૦ આસરે ત્યારે હતા. તેનો ટ્રસ્ટ કરી નાખવા અમારો તથા ભા. કરમચંદનો મત થયો. તેથી તેના માટે ખરીદ કરેલ મકાન સુતાર માવજીભાઈવાળો રૂા. ૯૦૦૦ માં ખરચ રૂા.----- થયો હશે રિપેરીંગ કરાવ્યો તેનું ખરચ થયું હશે તથા રૂા. ૩૨,૦૦૦ના શેર------ રીતે રૂા. ૪૨,૦૦૦નું કરમચંદ ડોસાભાઈ એજયુકેશન ટ્રસ્ટ કર્યું. સંવત ૧૯૩૯ કલકતામાં રજીસ્ટર કરાવ્યું. તેમાથી માસિક રૂા. ૧૦૦ ઇંદિરાબાઈ કન્યાશાળાને ખરચ માટે આપવા. આ બધી ટ્રસ્ટની રકમ ગમે તે ખાતામાં સાર્વજનીકમાં આપણી મરજી થાય તો આપી દેવી આ પણ શરત છે. સંવત ૧૯૯૫માં ભુજમાં નાત માટે નાકા બહાર જગ્યા કરવાની ભાવના થઈ. શ્રી રાજની મહેર થવાથી કેમ્પની સડક અને આપણી છતેડી નજીક ૨૦૦ ટ ૧૫૦ ફુટ જમીન મફત મળી એમાં બંને ભાઈની સલાહથી કોરી ૬૦,૦૦૦ ખર્ચી તમામ કમ્પાઉન્ડ મકાન તૈયાર કરી આપ્યા. તથા ચાલુ ખરચ નભાવવા રૂા.૨ હજારના ડિબેન્ચર આપી શ્રીનાતને અર્પણ કરેલ છે. તે ઉપર પૂ. પિતાશ્રીજી શા લાલચંદ થાવર મહાજનવાડી નામ રાખેલ છે. અને તે નામ હંમેશ કાયમ રહેશે તેવું નાત પાસેથી લખાણ કરાવ્યું છે. અને નાતને અર્પણ કરી તે લખાણ કરી આપેલ છે. અમો બંને ભાઈ ચાલુ કમાણીમાંથી ૧૦ ટકા શુભ ખાતે વાપરવા જુદા કાઢતા હતા. તેમાંથી દરેક વર્ષે નાના મોટા ખાતામાં ચાલુ ૮થી ૧૦ હજાર વપરાતા હશે. કુલ રૂા. દોઢ લાખ આશરે શુભ ખાતામાં બંને ભાઈના સાથે વપરાયા હશે. મારે જૂના ઘરમાંથી ૫ છોકરી અને ૧ છોકરો સંતાન છે. બંને ભાઈના રસોડા કલકતામાં ઈ.સ. ૧૯૩૯ સંવત ૧૯૯૭ સુધી સાથે હતા. દેશમાં સંવત ૧૯૯૫ માં ચિ.જયકુંવરીના લગ્ન પછી રસોડા જુદા કર્યા. પછી ઈ.સ. ૧૯૩૮ સંવત ૧૯૯૬માં બંને ભાઈએ કલકતામાં મકાન જોઈન્ટમાં હતા. તે નં. ૩ ભાઈ કરમચંદે રાખ્યો તથા નં ૬ અમોએ રાખ્યો અને બંને જણા રાજીખુશીથી છૂટા થઈ  ફારગતી કલકતામાં રજીસ્ટર કરાવી લીધી. બીજી મિલકત અગાઉથી જુદી વેચી લીધી હતી. ઈ.સ. ૧૯૩૫ સંવત ૧૯૯૩માં દેશમાં મકાન હાટ વગેરે જે કાંઈ હતા તે બંને જણ ફાળો કરી વેચી લીધા. તેની ફારગતી દેશમાં રજીસ્ટર કરાવી લીધી છે. ઉપર મુજબ યાદી તા. ૧૭-૧૧-૧૯૪૩માં મુંબઈમાં લખી છે. તે ફરીથી એમાંથી લખાવવી જોઈએ.

તારીખ : ૧૭/૧૧/૪૩

ડોસાભાઈ લાલચંદ શાહ

## શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીનાં બાંધકામના સહયોગી દાતા
## સ્વ. શ્રી કરમચંદ લાલચંદ શાહ ની જીવન ઝરમર

સ્વ. શ્રી કરમચંદ લાલચંદ શાહ નો જન્મ તા. ૪-૩-૧૮૮૭ ના ભુજ મધ્યે થયેલ તેમનો પ્રથમ વિવાહ ૧૯૦૭ અને બીજીવાર વિવાહ તા. ૧૬-૫-૧૯૨૦ ના થયેલ, તેઓ વ્યવસાયના કારણે કલકત્તામાં સ્થિર થયેલ.

સ્વ. કરમચંદભાઈએ તેમના ગુરૂબંધી શ્રી ડોસાભાઈ ના પગલે જુદા જુદા વ્યકિતગત તેમજ સંયુકત રીતે દાન કરેલ તેમાં ખાસ ઉલ્લેખનીય છે.

૧. તે વખતમાં ગરીબસ્ત્રી, હકીમ અથવા અણઘડ દાઈની સારવારને કારણે પ્રસુતાનું મરણ મોટા પ્રમાણમાં થતું હતું તેથી સમયસર સારવાર મળે તે માટે સ્વ. ડોસાભાઈએ પ્રસૂતિગૃહ શરૂ કરવાનું તેમની પત્નિ કંકુબેનને વચન આપેલ. આ પ્રસૂતિગૃહ માટે સંયુકત રીતે કોરી ૬૫૦૦૦/- નો ખર્ચ કરી જયુબીલી હોસ્પિટલમાં રાજવી શ્રી વિજયરાજજીના વરદ હસ્ત ઉદ્‌ઘાટન કરાવી શરૂ કરવામાં આવેલ, રાજય ડૉકટર શ્રી જાદવજી હંસરાજ વૈદ્ય નો તેમાં સહકાર મળેલ.

૨. ૧૯૩૩ માં ઈંદ્રાબાઈ કન્યા શાળા શરૂ કરી. આ કન્યા શાળા મોન્ટેશરી પદ્ધતીથી શરૂ કરવામાં આવેલ હતી, લોકોની ટીકાની પરવા કર્યા વગર કન્યા શાળા ચાલુ રાખવામાં આવી.

૩. ૧૯૩૩ માં કરમચંદ ડોસાભાઈ એજયુકેશન ટ્રસ્ટની કલકત્તામાં (રૂા. ૪૨૦૦૦/- ના સંયુકત દાનથી) રચના કરવામાં આવી.

૪. શ્રી ડોસાભાઈ અને શ્રી કરમચંદભાઈએ સંયુકત રીતે રૂા. ૧૬,૦૦૦/- ખર્ચીને તે શાળાનું મકાન બનાવ્યુ અને રૂા. ૮૪૦૦૦/- ની રોકડ દાન આપી શ્રી ઈંદ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ શરૂ કરી. સરકારને આ શાળા સોંપતી વખતે અગમએની વાપરી સરકાર શિક્ષણ માટે કોઈપણ ફી વસુલ ન કરી શકે તેવી શરતે નકકી કરવામાં આવી. જેને કારણે આજ પણ આ શાળામાં ફી લઈ શકાતી નથી.

૫. ૧૯૪૧ માં ૩૨૦૦૦ ચો.ફુટ જમીન ઉપર કોરી ૬૦૦૦૦/- નો ખર્ચ કરી શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીનું નિર્માણ કરવામાં આવ્યું જે તે વખતના જ્ઞાતિ પ્રમુખનું શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીનું નામ કાયમી રાખવાની શરતે સોંપવામાં આવી તેમજ તેના રખરખાલ માટે કોરી ૨૦૦૦/- જ્ઞાતિને આપવામાં આવી.

૬. ૧૯૪૭ માં મહાજનવાડી પાસેની જમીન ઉપર કમ્પાઉન્ડ વોલ, અવાડો, ટાંકો, ચોકીદાર કવાર્ટરનું બાંધકામ કરેલ તથા બગીચા તરીકે વિકસાવેલ અને તેને ઈંદ્રાબાઈ પાર્ક નામ આપવામાં આવેલ.

૭. માનવ કલ્યાણ ટ્રસ્ટ હેઠળ સસ્તુ ભોજનાલય ૧૯૬૪ થી શરૂ કરવામાં આવ્યું.

૮. જ્ઞાતિને ૧૦૦૦ થાળી, ૩૦૦૦ વાટકા તેમજ ૬૦૦ ગ્લાસનું ડોનેશન આપવામાં આવ્યું.

૯. શ્રી કરમચંદભાઈનું મૃત્યુ ભુજમાં થયેલ.

# શ્રી વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ મહિલા મંડળની પ્રવૃતિઓ

શ્રી વીશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિની રાહબરી અને નેજા હેઠળ સ્થાપાયેલ નવરચિત જૈન મહિલા મંડળ ની સ્થાપના ૨૦૦૯ ના વર્ષમાં કરવામાં આવેલ છે.

આ મહિલા મંડળની સ્થાપના થઇ ત્યારથી બંને ટર્મ (વર્ષ ૨૦૦૯ થી ૧૦ તથા ૨૦૧૦-૧૩) નાં પ્રમુખ તરીકે શ્રીમતી રેશ્માબેન મુકેશભાઇ ઝવેરીની ઉપસ્થિત બહેનોની વિશાળ હાજરીમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. તેઓએ પોતાની કારોબારીના સભ્યોની વરણી કરેલ છે. આ મહિલા મંડળની સ્થાપનાના પ્રથમ વર્ષથી જ, તદ્દન જ ટુંકા ગાળામાં પોતાની કામગીરીનો સુંદર પરિચય કરાવી આપેલ છે. મહિલા મંડળમાં જોડાયેલ મોટી સંખ્યાની બહેનોની સુષુપ્ત નારીશકિતને બહાર લાવવા અને તેને ઉજાગર કરવા આ મહિલા મંડળે તેના અથાગ પ્રયત્નો જારી રાખેલ છે.

મહિલા મંડળના પ્રમુખનાં માર્ગદર્શન હેઠળ આ મહિલા મંડળે શરૂથી આજ દિન લગી આશરે ૧૭ થી ૧૮ કાર્યક્રમો આપેલ છે. જેમાં નાના બાળકોથી માંડીને યુવક-યુવતીઓ તથા જૈફ વયની સ્ત્રીઓને તેમાં જોડવામાં આવેલ છે. અને તેમ લાગી રહયું છે કે નવજાગૃતિનો એક નવો અધ્યાય શરૂ થવા તરફ જઇ રહેલ છે. મહિલા મંડળે આજ દિવસ સુધી હાથ ધરેલા કાર્યો, પ્રોજેકટોની વિગત સંક્ષિપ્તમાં નીચે જણાવેલ છે.

સૌપ્રથમ સ્નાત્રપૂજા ભણાવવામાં આવેલ, મંડળના લેટરપેડ તથા લોગો માટેની હરિફાઇ, નાના યક્ષ મુકામે પર્યટન, રક્ષાબંધન અને વીરપસલીની ઉજવણી તથા રાખડી હરિફાઇ, ગરબા હરિફાઇ તથા ગરબા શણગાર હરિફાઇ, ''મેમોગ્રાફી'' કેમ્પનું આયોજન જેમાં આપણા સમાજે સારું માતબર આર્થિક સહયોગ આપેલ. આ કેમ્પમાં ૧૩૨ બહેનોએ ચકાસણી કરાવેલ. ફેશન - શો તથા બ્યુટી કોન્ટેસ્ટ, રસોઇ શો, ગામ પ્રાગપર ચોકડી મુકામે જ્ઞાતિએ યોજેલ સરસ્વતિ સન્માન કાર્યક્રમમાં આ મંડળની બહેનોએ પોતાની સેવા આપેલ, જીવદયા તથા પર્યાવરણનો કાર્યક્રમ, જ્ઞાતિમાં યોજાયેલ સમૂહ લગ્નમાં કાર્યક્રમમાં આ મંડળની બહેનોએ પોતાની સેવા આપેલ, તથા લગ્નગીતોનું આયોજન કરેલ, વર-કન્યાની જોડીને મંડળ તરફથી સ્ટીલની કોઠી ભેટ આપવામાં આવેલ, નવું બંધારણ તૈયાર કરવામાં આવ્યું, પર્યુષણ પર્વમાં પ્રભુજીના પારણાની શણગાર હરિફાઇ, શિવ-પારસ સંકુલમાં ગરબા તથા દાંડિયારાસનું ભવ્ય આયોજન, જ્ઞાતિ તરફથી રાખવામાં આવેલ મીઠાઇ વેંચાણનાં કાર્યક્રમમાં આ મહિલા મંડળે સાથ સહકાર આપેલ, ભુજ નજીક આવેલ ટપકેશ્વરી માતાજીના પર્યટન સ્થળે પ્રવાસનું આયોજન ઇત્યાદી કરવામાં આવેલ.

હવે પછીના ભાવિ કાર્યક્રમોમાં શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડીને આધુનિકતાનો ઓપ આપવા તથા જરૂરિયાત નજરે રિનોવેશન તથા નવિનીકારણ કરવામાં આવતાં, તે શુભ પ્રસંગે યોજવામાં આવનાર જ્ઞાતિના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા આ મહિલા મંડળે નિમંત્રણ મળી ગયેલ છે, તથા સાંસ્કૃતિક કાર્યક્રમોને સફળ બનાવવા માટે આ મંડળે પોતાના પ્રયત્નો શરૂ કરી દીધા છે.

**શ્રીમતી રેશ્મા મુકેશભાઇ ઝવેરી**
પ્રમુખશ્રી,
શ્રી વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ મહિલા મંડળ, ભુજ

## શ્રી વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ યુવક મંડળ - ભુજ

સમાજમાં યુવક મંડળ ઘણાં જ વર્ષોથી શુસુપ્ત હતો અને હાલે છેલ્લા ૭ વર્ષથી કાર્યરત થયેલ છે, જેમાં છેલ્લા બે વર્ષથી યુવક મંડળના પ્રમુખ તરીકે નવયુવાન અને હોશીલા શ્રી નિરવ મહેન્દ્રભાઇ શાહ ની વરણી થઇ અને તેના માર્ગદર્શન હેઠળ મંડળ દ્વારા નીચેની સામાજીક અને સ્પોર્ટસની કાર્યવાહી કરવામાં આવેલ.

અમારા મંડળમાં અત્યારે ૧૨૦ યુવાન ભાઈઓ મેમ્બર છે અને સૌપ્રથમ અમારા મંડળે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજેલ અને આપણા સમાજની મિલ્કત કે જે ''અપના બજાર'' તરીકે ઓળખાય છે તેના પ્રથમ માળે ''સ્પોર્ટસ સંકુલ'' નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ અને વિવિધ ઈન્ડોર ગેમ્સ ચાલુ કરવામાં આવી, દિવાળી નિમિત્તે સતત બે વર્ષથી કીફાયત દરે મિઠાઈનું વેચાણ કરવામાં આવે છે. તેમજ શિયાળામાં જરૂરતમંદ વ્યકિતઓને ધાબળાનું વિતરણ કરવામાં આવે છે. સમાજના વિદ્યાર્થીમિત્રોને પાઠયપુસ્તક અને નોટબુકના વિતરણની વ્યવસ્થા અમારા મંડળ ના સભ્યો સંભાળી રહયા છે. તેમજ અમારા મંડળે સમગ્ર કચ્છની ''નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૦'' નું સફળ સંચાલન કરેલ અને આ ટુર્નામેન્ટ ખુબજ ઉત્સાહપુર્વક રમાયેલ. અમારા મંડળનો માધાપર મધ્યે આવેલ ટ્રી ટોપ હોટલમાં મેળાવડો યોજવામાં આવેલ તેમજ ઈન્ડોર ગેમ્સની ટુર્નામેન્ટ યોજવામાં આવી અને મહિલા મંડળ સાથે શિવ-પારસ મધ્યે શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

**તેજ હર્ષદ શાહ**
મંત્રી
શ્રી વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ યુવક મંડળ, ભુજ

# શ્રી વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ, ભુજ
# ના
# સવાસો વર્ષ

સંવત ૧૯૧૨ થી ૨૦૩૭
ઈ.સ. ૧૮૫૬ થી ૨૦૧૧

સંવત ૧૯૧૨ થી સંવત ૧૯૮૬ સુધી નાતનો વહીવટ નગરશેઠ પાસે રહેતો હતો. જે તેમણે અંગત દેખરેખ, ચીવટ, ધગશ અને ખંતથી સમાજનું કાર્ય કરેલું હતું.

**સંવત ૧૯૮૬ જેઠ વીદ ૧ શનિવારે નીચે મુજબ કમિટી નીમવામાં આવી.**

પ્રમુખ : નગરશેઠ સાકરચંદ પાનાચંદ
મંત્રી : શાહ શીવચંદ પ્રેમચંદ
મેતા સાકરચંદ કચરા
શાહ મગનલાલ મોણસી
ઝવેરી છગનલાલ વછરાજ

**સંવત ૧૯૯૪ માં જ્ઞાતિની કારોબારી :**

પ્રમુખ : નગરશેઠ સાકરચંદ પાનાચંદ
ઝવેરી છગનલાલ વછરાજ
શાહ લાલચંદ રવજી
નગરીયા સાકરચંદ માધવજી
શાહ મગનલાલ મોણસી

સંવત ૧૯૯૬ માં શેઠ ડોસાભાઇ લાલચંદ તરફથી જ્ઞાતિમાં જુદા જુદા ઘેર લગ્ન હોવા છતાં જમણ સમુહમાં કરવાનું એક સુચન કરેલ અને તેનું આયોજન સંવત ૧૯૯૬ માં કરી અને આજ વર્ષમાં લગ્નપ્રસંગે જ્ઞાતિ ભાઈઓ તરફથી સમુહ ભોજન (છનો) કરવામાં આવેલ.

**સંવત ૨૦૦૧ કારતક વદ-૩, ઈ.સ. ૧૯૪૪ ના નીચે મુજબ કારોબારી નીમવામાં આવેલ.**

પ્રમુખ : નગરશેઠ સાકરચંદ પાનાચંદ
સેક્રેટરી : મેતા નારાણજી ખીમજી
ઝવેરી છગનલાલ વછરાજ
શાહ લાલચંદ રવજી
શાહ માવજી ગોવિંદજી
શાહ મોતીલાલ ગોપાલજી
શાહ નેણસી નથુભાઈ
શાહ રવજી વછરાજ
શાહ રાયસી નથુ

સંવત ૨૦૦૧ થી ૨૦૦૮ દરમ્યાન આજ કારોબારી રહેલ પણ સંવત ૨૦૦૭ માં સંઘવી ભવાનજી હીરાચંદ ને તેમજ સંવત ૨૦૦૮ માં વકીલ કરમચંદ દેવસીને કારોબારીમાં લેવામાં આવેલ.

તા. ૧૮-૧૨-૧૯૫૪ ના રોજ બંધારણ ઘડવા માટેની કમિટીની જ્ઞાતિ તરફથી નિમણૂંક કરવામાં આવી.

(૧) ઝવેરી છગનલાલ વછરાજ
(૨) મોતીલાલ ગોપાલજી
(૩) મેતા નારાણજી ખીમજી
(૪) શાહ નાનાલાલ દેવસી
(૫) શાહ નેણસી નથુ
(૬) શાહ પ્રાણલાલ સાકરચંદ
(૭) શાહ બાબુલાલ જાદવજી

**સંવત તા. ૧-૪-૧૯૫૫ થી ૧૯૫૯ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | ઝવેરી છગનલાલ વછરાજ |
| ઉપપ્રમુખ | : | શાહ પ્રાણલાલ ગોપાલજી |
| સેક્રેટરી | : | શાહ પ્રાણલાલ સાકરચંદ |
| ટ્રેઝરર | : | મેતા નારાણજી ખીમજી |
| | | શાહ લાલચંદ રવજી |
| | | શાહ નેણસી નથુ |
| | | શાહ નાનાલાલ દેવસી |
| | | શાહ કેશવજી ઈંદરજી |
| | | શાહ રવિલાલ ભગવાનજી |

**તા. ૨૪-૧૦-૧૯૫૯ થી ૧૯૬૩ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ મોતીલાલ ગોપાલજી |
| ઉપપ્રમુખ | : | શાહ પ્રાણલાલ સાકરચંદ |
| સેક્રેટરી | : | શાહ કેશવજી ઈંદરજી |
| જો. સેક્રેટરી | : | શાહ નાનાલાલ દેવશી |
| | | શાહ લાલચંદ રવજી |
| | | શાહ માણેકલાલ હેમચંદ |
| | | શાહ બાબુલાલ જાદવજી |
| | | શાહ ચમનલાલ દામજી |

**તા. ૭-૯-૧૯૬૩ થી ૧૯૬૪ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ મોતીલાલ ગોપાલજી |
| ઉપપ્રમુખ | : | શાહ નેણસી નથુ |
| સેક્રેટરી | : | શાહ નાનાલાલ દેવશી |
| જો. સેક્રેટરી | : | ઝવેરી હરીલાલ છગનલાલ |
| | | શાહ માણેકલાલ હેમચંદ |
| | | શાહ શીવચંદ રવજી |
| | | શાહ હરીલાલ ભાણજી |
| | | મેતા માણેકલાલ નારણજી |
| | | શાહ બાબુલાલ જાદવજી |

**તા. ૩-૮-૧૯૬૪ થી ૧૯૬૮ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ કેશવજી ઈંદરજી |
| ઉપપ્રમુખ | : | શાહ કેશવલાલ શીગજી (૧૫/૪/૬૭) |
| | | ઝવેરી ચંદુલાલ જેવંત (૧૧/૬/૬૭) |
| | | મેતા પ્રાણજીવન સાકરચંદ |
| સેક્રેટરી | : | શાહ જગજીવન મુલચંદ |
| | | સંઘવી ભગાનજી હીરાચંદ |
| | | શાહ નેણસી લાધાભાઇ |
| | | શાહ કરમચંદ રાઘવજી |
| | | વોરા મોહનલાલ રાઘવજી |
| | | શાહ પ્રેમચંદ જગજીવન |

**તા. ૨૩/૩/૧૯૬૮ થી ૧૯૭૧ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ બાબુલાલ જાદવજી |
| ઉપપ્રમુખ | : | શાહ માણેકલાલ હેમચંદ |
| મંત્રી | : | શાહ માણેકલાલ પરસોતમ |
| સહમંત્રી | : | શાહ. ધીરજલાલ જાદવજી |
| ખજાનચી | : | ઝવેરી રવિલાલ છગનલાલ |
| | | શાહ નાનાલાલ દેવશી |
| | | શાહ હરીલાલ ભાણજી |
| | | શાહ જગજીવન ભગવાનજી |
| | | ઝવેરી બાબુલાલ મુલચંદ |

**તા. ૧૭/૭/૭૧ થી ૧૯૭૬ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ બાબુલાલ જાદવજી |
| ઉપપ્રમુખ | : | શાહ માણેકલાલ હેમચંદ |
| સેક્રેટરી | : | શાહ માણેકલાલ પરસોતમ |
| જો. સેક્રેટરી | : | શાહ ધીરજલાલ જાદવજી |
| | | ઝવેરી રવિલાલ છગનલાલ |
| | | શાહ નાનાલાલ દેવશી |
| | | શાહ જગજીવન ભગવાનજી |
| | | ઝવેરી બાબુલાલ મુલચંદ |
| | | શાહ ગુલાબચંદ સાકરચંદ |

**તા. ૨૫/૬/૧૯૭૬ થી ૧૯૭૮ ની કારોબારી :**

પ્રમુખ : શાહ બાબુલાલ જાદવજી
ઉપપ્રમુખ : શાહ નાનાલાલ દેવશી
સેક્રેટરી : શાહ માણેકલાલ પરસોતમ
જો. સેક્રેટરી : શાહ રમેશ શીવચંદ
ઝવેરી બાબુલાલ મુલચંદ
શાહ ગુલાબચંદ સાકરચંદ
શાહ ખુશાલ લાલચંદ
શાહ સુરેશ ગલાલચંદ
શાહ જગજીવન ભગવાનજી

**તા. ૨૦/૮/૧૯૭૮ થી ૧૯૮૧ ની કારોબારી :**

પ્રમુખ : શાહ મોહનલાલ શીવચંદ
ઉપપ્રમુખ : મહેતા પ્રાણજીવન સાકરચંદ
મંત્રી : શાહ મોહનલાલ ભાણજી
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
શાહ કિશોર જગજીવન
શાહ સુરેશ ગલાલચંદ
સંઘવી કિરણ ભગવાનજી
શાહ શાંતિલાલ શીવચંદ

**તા. ૩/૧૦/૧૯૮૧ થી ૧૯૮૮ ની કારોબારી :**

પ્રમુખ : શાહ ગુલાબચંદ સાકરચંદ
ઉપપ્રમુખ : શાહ મોહનલાલ ભાણજી
મંત્રી : શાહ રમેશચંદ્ર શીવચંદ
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
શાહ પ્રફુલ ચમનલાલ
ઝવેરી મુકેશ બાબુલાલ
શાહ અશ્વીન તલકશી
શાહ શાંતીલાલ સાકરચંદ

**તા. ૧૯/૩/૧૯૮૮ થી ૧૯૯૩ ની કારોબારી :**

પ્રમુખ : શાહ ગુલાબચંદ સાકરચંદ
ઉપપ્રમુખ : શાહ મોહનલાલ ભાણજી
મંત્રી : શાહ રમેશચંદ્ર શીવચંદ
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
ઝવેરી મુકેશ બાબુલાલ
શાહ ધીરજલાલ જાદવજી
શાહ અશોકકુમાર અમૃતલાલ
શાહ છગનલાલ રવિલાલ
શાહ ધીરજલાલ દામજી

**તા. ૩૦/૪/૧૯૯૩ થી ૧૯૯૪ ની કારોબારી :**

પ્રમુખ : શાહ ગુલાબચંદ સાકરચંદ
ઉપપ્રમુખ : ઝવેરી શાંતીલાલ કાનજી
મંત્રી : શાહ રમેશચંદ્ર શીવચંદ
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
શાહ દેવેન્દ્ર નાનાલાલ
શાહ કિર્તિકુમાર નાનાલાલ
શાહ હેમેન્દ્ર વાડીલાલ
શાહ સુરેન્દ્ર અમૃતલાલ
શાહ ગુલાબચંદ પોપટલાલ

**તા. ૧૬/૭/૧૯૯૪ થી ૧૯૯૮ ની કારોબારી :**

પ્રમુખ : શાહ ગુલાબચંદ સાકરચંદ
ઉપપ્રમુખ : શાહ કાન્તીલાલ બાબુલાલ
મંત્રી : શાહ રમેશચંદ્ર શીવચંદ
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
શાહ ધીરજલાલ જાદવજી
શાહ ગુલાબચંદ પોપટલાલ
શાહ પ્રફુલચંદ્ર ચમનલાલ
શાહ દેવેન્દ્ર નાનાલાલ
મહેતા યોગેશકુમાર પ્રાણજીવન
મહેતા અતુલકુમાર નરોત્તમભાઈ
શાહ સુરેન્દ્ર અમૃતલાલ
ઝવેરી જીતેન્દ્ર મુલચંદ

**તા. ૧/૪/૧૯૯૮ થી ૨૦૦૦ ની કારોબારી :**

પ્રમુખ : શાહ કાન્તીલાલ બાબુલાલ
ઉપપ્રમુખ : શાહ સુરેશકુમાર ગલાલચંદ
મંત્રી : શાહ ધીરજલાલ જાદવજી
સહ મંત્રી : શાહ સૂર્યકાન્ત જયંતીલાલ
શાહ ગુલાબચંદ પોપટલાલ
શાહ કીર્તિકુમાર ચમનલાલ
શાહ ધનજંય પ્રેમચંદ
ઝવેરી શાન્તીલાલ કાનજી
શાહ દિપકકુમાર અમૃતલાલ
શાહ મહેન્દ્રકુમાર દામજી
શાહ હેમેન્દ્રકુમાર વાડીલાલ
શાહ હસમુખ બાબુલાલ

**તા. ૨૧/૪/૨૦૦૦ થી ૨૦૦૩ ની કારોબારી :**

પ્રમુખ : શાહ પ્રફુલ ચમનલાલ
ઉપપ્રમુખ : શાહ દેવેન્દ્ર નાનાલાલ
મંત્રી : શાહ રમેશચંદ્ર ચમનલાલ
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
ઝવેરી જીતેન્દ્ર મુલચંદ
શાહ સુરેન્દ્ર અમૃતલાલ
શાહ કીર્તિકુમાર કરમચંદ
વોરા દિપક જીતેન્દ્ર
શાહ સૂર્યકાન્ત જયંતીલાલ
ઝવેરી બંકીમ રવિલાલ

**તા. ૨૯/૪/૨૦૦૩ થી ૨૦૦૬ ની કારોબારી :**

પ્રમુખ : શાહ પ્રફુલ ચમનલાલ
ઉપપ્રમુખ : શાહ દેવેન્દ્ર નાનાલાલ
મંત્રી : શાહ રમેશચંદ્ર ચમનલાલ
સહમંત્રી : શાહ ખુશાલ લાલચંદ
ઝવેરી જીતેન્દ્ર મુલચંદ
શાહ અરવિંદ અમૃતલાલ
શાહ સુરેન્દ્ર અમૃતલાલ
વોરા દિપક જીતેન્દ્ર
શાહ મધુકર જગજીવન
શાહ ઈન્દ્રવદન મણીલાલ
શાહ હર્ષદ બાબુલાલ
ઝવેરી બંકીમ રવિલાલ

**તા. ૧૧/૬/૨૦૦૬ થી ૨૦૦૯ ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ પ્રફુલ ચમનલાલ |
| ઉપપ્રમુખ | : | શાહ દેવેન્દ્ર નાનાલાલ |
| મંત્રી | : | શાહ રમેશ ચમનલાલ |
| સહમંત્રી | : | શાહ ખુશાલ લાલચંદ |
| | | ઝવેરી જીતેન્દ્ર મુલચંદ |
| | | શાહ હર્ષદ બાબુલાલ |
| | | શાહ મધુકર જગજીવન |
| | | સંઘવી મહેન્દ્ર ભવાનજી |
| | | શાહ હર્ષદ મોહનલાલ |
| | | શાહ દિપક રવિલાલ |
| | | શાહ અલ્પેશ રમેશચંદ્ર |

## તા. ૧૯/૪/૨૦૦૯ થી .......

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શાહ પ્રફુલ ચમનલાલ |
| ઉપપ્રમુખ | : | શાહ ખુશાલ લાલચંદ |
| મંત્રી | : | શાહ રમેશચંદ્ર ચમનલાલ |
| સહમંત્રી | : | શાહ મધુકર જગજીવન |
| | | ઝવેરી જીતેન્દ્ર મુલચંદ |
| | | શાહ હર્ષદ બાબુલાલ |
| | | સંઘવી મહેન્દ્ર ભવાનજી |
| | | શાહ હર્ષદ મોહનલાલ |
| | | શાહ દિપક રવિલાલ |
| | | શાહ અલ્પેશ રમેશચંદ્ર |
| | | શાહ જયેશ પુનમચંદ |

## સમાજના સભ્યો માટે સમાજની ઉપલબ્ધ સુવિધાઓ

શહેરની મધ્યમાં આવેલ સમાજની મિલ્કત જે વંડા તરીકે ઓળખાય છે તેમાં સામાજીક પ્રસંગો માટે નીચે મુજબની સુવિધાઓ છે :

(૧) ગ્રાઉન્ડ ફ્લોરમાં બે હોલ, ઓપન પ્લોટ અને રસોડું, સ્ટોર રૂમ છે.

(૨) પ્રથમ માળે બે હોલ, રસોડું અને ઉતરવા માટે ૪ એટેચ ટોયલેટ વાળા રૂમ છે.

(૩) બીજે માળે ૧ હોલ અને ઉતરવા માટે ૪ એટેચ ટોયલેટ વાળા રૂમ છે.

**નવનિર્મિત લાલચંદ થાવર જૈન મહાજનવાડીમાં :**

(૧) બેઝમેન્ટમાં હોલ છે.

(૨) ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્ટી પ્લોટ, રસોડું, વિવિધલક્ષી હોલ છે. અતિ કીફાયત દરે રાતવાસો કરવા ડોરીમેટરી છે અને અતિથિગૃહમાં ૨ ડીલક્ષ રૂમ ૬ એ.સી. રૂમ અને ૭ નોન એ.સી. રૂમ છે.

(૩) પ્રથમ માળે કોન્ફરન્સ હોલ, મેરેજ હોલ (રસોડા સહિત) અને દુકાન ઉપર હોલ છે. અતિથિગૃહમાં ૨ ડીલક્ષ રૂમ, ૭ એ.સી. રૂમ અને ૮ નોન એ.સી. રૂમ છે.

**ઉપરોકત સુવિધાઓના સભ્યોને બુકીંગ માટે નીચે મુજબના નિયમો છે.**

(૧) સામાજીક પ્રસંગ માટે વંડામાં તથા મહાજનવાડીમાં પ્રસંગથી ૧૦૦ દિવસ પહેલા હોલ, પાર્ટી પ્લોટ વગેરે બુક કરાવી શકશે.

(૨) અતિથિગૃહના રૂમ બુકીંગના દિવસથી ૫૯ દિવસ પહેલા કરાવી શકાશે.

(૩) અતિથિગૃહના રૂમ સિવાય સભ્યો માટે બેઝીક દરમાં ૭૫% નું ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે.

(૪) સમાજની વેબસાઇટ પરથી વધારે વિગત મેળવી શકાશે. હાલમાં બુકીંગ માટે સભ્યના પ્રતિનિધીએ ભુજમાં રૂબરૂ આવવું જરૂરી છે. નજદીકના ભવિષ્યમાં સભ્યો માટે ઓનલાઇન બુકીંગ શરૂ કરવામાં આવશે.